Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

सर्वान् पश्यन्तु बन्धूनिव जगति जना भेदबुद्धिं विहाय
स्थाने पात्रे च कर्त्तुं वितरणमसकृच्चास्तु बुद्धिर्धनस्य ॥
दीने नम्रा भवन्तु प्रखरधनवतामग्रगण्या हि शश्वद् ।
'आत्मानन्द प्रकाशं' विदधतु हृदये श्रीजिनः श्रावकानाम् ॥

पु० २३ मुं | वीर सं. २४५२. ज्येष्ठ आत्म सं. ३१ | अंक ११ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ શ્રી ગુરૂ–દેવ–સ્મરણુ. ... | ૨૫૫ | ૬ ધર્મરત્નને યોગ્ય કોણ હોઇ શકે? | ૨૭૧ |
| ૨ એકજ પ્રભુ વીર. ... ... | ૨૫૬ | ૭ સાંસારિક યોગિઓ ... ... | ૨૭૩ |
| ૩ સાંસારિક જીવન. ... ... | ૨૫૬ | ૮ વર્તમાન સમાચાર... | ૨૭૬–૨૭૮ |
| ૪ વિશ્વરચના પ્રબંધ... ... | ૨૬૧ | ૯ ગ્રંથાવલોકન અને સાભાર સ્વીકાર. ... ... ... | ૨૭૮ |
| ૫ જૈન ઐતિહાસિક શિક્ષણો... | ૨૬૭ | | |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા સુજ્ઞ ગ્રાહકોને ખુશખબર.

ચાલતા આત્માનંદ પ્રકાશ પુ૦ ૨૩ તથા હવે પછીના પુસ્તક ૨૪ માં બંને વર્ષની ચાલુ નિયમ પ્રમાણે બે વષની ભેટની બુક **શ્રી ધર્મરત્નપ્રકરણ** જેમાં શ્રાવકના ઉત્તમોત્તમ એકવીશ ગુણનું વર્ણન અનેક રસમય, બોધક કથાઓ સાથે આવેલ છે. તે ગ્રંથ ( ખાસ શ્રાવક ઉપયોગી હોવાથી ) માનવંતા ગ્રાહકોને ભેટ તરીકે આપવાની આ સભાએ ( સાહિત્ય પ્રચારના ઉત્તમ હેતુને લઇ ) ઉદારતા બતાવી છે. અમારા ગ્રાહકોને દર વર્ષે ઉત્તરોત્તર ઉચ્ચ કોટીના ગ્રંથો ભેટ આપવામાં આવે છે તે ગ્રાહકોની ધ્યાનમાંજ છે. વી૦ પી૦ ના ખર્ચ તથા મહેનતનો પણ બે વર્ષની સાથે ભેટ આપવાથી ગ્રાહકોને લાભ થાય તે હેતુ છે. ગ્રંથની ઉપયોગીતા માટે વધારે લખવા કરતાં વાચકવર્ગ વાંચીનેજ જાણી શકશે. અશાડ માસથી ગ્રાહકોને લવાજમ વસુલ કરવા વી૦ પી૦ રવાના કરવામાં આવશે. મહેરબાની કરી દરેક ગ્રાહક સ્વીકારી લેશે એમ વિનંતિ છે. ગ્રાહક સિવાયના બંધુઓને રૂા. ૧-૦-૦ થી તે બુક મળી શકશે.

---

## વાંચનાર પ્રેમી બંધુઓ માટે ખાસ નવા વાંચવા યોગ્ય ઉત્તમ ગ્રંથો.

| | |
|---|---|
| ૧ પંચપરમેષ્ઠી ગુણમાળા. | ૧-૮-૦ |
| ૨ સુમુખનૃપાદિ કથા. | ૧-૦-૦ |
| ૩ શ્રી નેમનાથ ચરિત્ર | ૨-૦-૦ |
| ૪ શ્રીસુપાર્શ્વનાથ ચારત્ર ભાગ ૧ લો. | ૨-૦-૦ |
| ૫ શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર બીજો ભાગ. | ૨-૮-૦ |
| ૬ આત્મ પ્રબોધ. | ૨-૮-૦ |
| ૭ શ્રાદ્ધગુણ વિવરણ શ્રાવકોપયોગી. | ૧-૮-૦ |
| ૮ શ્રી જંબુસ્વામી ચરિત્ર આદર્શ. | ૦-૮-૦ |
| ૯ શ્રીચંપકમાલા સતી આદર્શચરિત્ર | ૦-૮-૦ |
| ૧૦ સંબોધસત્તરી-જૈનતત્ત્વજ્ઞાનનો અપૂર્વ ગ્રંથ. | ૧-૦-૦ |
| ૧૧ શ્રી ઉપદેશ સપ્તિકા ઐતહાસક કથા ગ્રંથ. | ૧-૦-૦ |
| ૧૨ શ્રીવિવિધ પૂજા સંગ્રહ. | ૧-૮-૦ |
| ૧૩ આદર્શ જૈન સ્ત્રીરત્નો. | ૧-૦-૦ |
| ૧૪ શ્રી દાન પ્રદીપ-દાનનું અદ્‌ભુત કથાઓ સાહત વર્ણન. | ૩-૦-૦ |
| ૧૫ નવપદ પૂજા અર્થ સહિત | ૧-૪-૦ |
| ૧૬ કાવ્ય સુધાકર | ૨-૮-૦ |

---

## છપાઇ તૈયાર થયેલ અપૂર્વ ગ્રંથ.

## " गुरुतत्त्व विनिश्चय । "

પ્રસ્તુત ગ્રંથના કર્તા ન્યાયાચાર્ય મહોપાધ્યાય **શ્રીમાન્ યશોવિજયજી** મહારાજ છે. ગુરૂતત્ત્વના સ્વરૂપનો સંગ્રહ વાંચકોને એકજ ઠેકાણે મળી શકે એવા ઉદ્દેશથી તેઓશ્રીએ જૈનાગમોનું દોહન કરી પ્રસ્તુત ગ્રંથમાં તેવા સંગ્રહને રોચક અને સરલ છતાં પ્રૌઢભાષામાં વર્ણવેલો છે. જેનો ખ્યાલ વિદ્વાન્ વાચકોને ગ્રંથના નિરીક્ષણથી આવી શકશે.

સંસ્કૃત ભાષાને નહી જાણનાર સાધારણ વાચકો પણ પ્રસ્તુત ગ્રંથ માટેની પોતાની જિજ્ઞાસા પૂર્ણ કરી શકે તે માટે ગ્રંથની આદિમાં સંપાદકે ગ્રંથનો તેમજ તેના કર્તાનો પરિચય કરાવી ગ્રંથનો તાત્ત્વિક સાર તથા વિષયાનુક્રમ આદિ ગુજરાતી ભાષામાં આપેલ છે. અને અંતમાં ઉપયોગી પરિશિષ્ટો તથા ઉપાધ્યાયજીના અજ્ઞાત બે અપૂર્વ ગ્રંથોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

ખપી મુનિમહારાજો તેમજ ગૃહસ્થોએ મંગાવવા સાવધાન રહેવું. દરેક લાભ લઇ શકે તે માટે કિંમત અડધી રાખવામાં આવી છે. કિંમત રૂા. ૩-૦-૦ ટપાલ ખર્ચ જુદું પડશે. અમારે ત્યાંથી મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

का अरई ? के आणंदे ? इत्थं पि अग्गहे चरे, सव्वं हासं परिच्चज्ज आलीणगुत्तो परिव्वए। पुरिसा ! तुममेव तुमं मित्तं किं बहियामित्तमिच्छसि ?। जं जाणिज्जा उच्चालइयं तं जाणिज्जा दूरालइयं, जं जाणिज्जा दूरालइयं तं जाणिज्जा उच्चालइयं। पुरिसा ! अत्ताणमेव अभिनिगिज्झ, एवं दुक्खा पमुच्चसि। पुरिसा ! सच्चमेव समभिजाणाहि, सच्चस्साणाए उवट्ठिए से मेहावी मारं तरइ। सहिओ धम्ममायाय सेयं समणुपस्सइ ॥

आचाराङ्गसूत्रम्।

पुस्तक २३ मुं. { वीर संवत् २४५२. ज्येष्ठ, आत्मसंवत् ३१. } अंक ११मो.

ॐ

## " श्री गुरु–देव–स्मरण. "

---

ગુરૂ વીણ કૉ–ન સુણાવેરે, એ અમીઝરણા ઉદ્દગાર.–ગુરૂ
કર્ણ સુકોમલ થાવેરે, તત્ત્વ રૂચિ પ્રકટાવેરે. .... ....એ

આતમરામ આરામ એ આતમ, પ્રાણી સકલ વિશ્રામ;
આનંદ વિજય અપર "વિજયાનંદ," સૂરિપદ સૂચન નામ. ગુરૂ૦

ભારત ભૂષણ ભવ્ય બગીચે, રેલી રસ સ્યાદ્વાદ;
નવ પલ્લવ ફલ ફાલિત કીધો, મુનિવૃંદ અર્પે યાદ. ગુરૂ૦

આર્ય ભાલના આર્ય ક્ષેત્રમાં, ભૂલાણી જળ ભાત !
જીવન અર્પ્યું કહી સન્દેશો, વીર તણો વિખ્યાત. ગુરૂ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેષ્ટ શુકલ સપ્તમી દીન સુંદર, સ્વર્ગારોહણ જાણુ;
આજ જયન્તિ મહોત્સવ તેનો, કરતા પ્રકટે નાણ. ગુરૂ૦

ગાવે ગુણ ગુરૂદેવ તણા મળી, આંતમાનંદ સમાજ;
ધ્યાતા ધ્યાને ધ્યેય મીલાવે, શિવ મંદિર પથ સાજ. ગુરૂ૦

વેલચંદ ધનજી.

# એકજ પ્રભુ વીર.

છપ્પો.

એક જગતમાં વીર, અરે મેં નયણે નિરખ્યા;
એક જગતમાં વીર, પ્રભુ મેં પ્રેમે પરખ્યા;
એક જગતમાં વીર, ધીર અતિ એ જાણું;
એક જગતમાં વીર, મહા શુરવીર વખાણું;
દેવ મનુષ તિર્યંચના, ઉપસર્ગો વેઠયા અતિ;
પ્રેમે પ્રણમું એ પ્રભુ, "મહાવીર" શાસનપતિ.

ભાઇ-ઝવેર છગનલાલ-સુરવાડા.

# સાંસારિક જીવન.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

બાલ્યાવસ્થા સમાપ્ત થવા પછી જ્યારે યુવાવસ્થા આવે છે અને યુવક સંસારમાં પ્રવેશ કરે છે ત્યારે તેને માટે કુમાર્ગમાં ફસાવાની વધારે સંભાવના હોય છે. એ સંભાવનાનું મુખ્ય કારણ એ છે કે તે વખતે યુવકો ઉપરથી માતાપિતાનો અધિકાર ઘણે અંશે ઘટવા લાગે છે, તેનો ઘણો સમય ઘરની બહાર જાય છે અને તે સંગતિમાં પડી જાય છે. હવે એના શેષજીવન સુધરવાનો અથવા બગડવાનો તેની સંગતિ સારી અથવા ખરાબ હોવા પર જ આધાર રહેલો છે. જો સંગતિ સારી હોય તો સુધરે છે અને આગળ ઉપર સંસારમાં કાંઇ કાર્ય કરી શકે છે. અને જો સંગતિ ખરાબ હોય છે તો તેની પાયમાલી થવામાં જરા પણ સંદેહ રહેતો નથી. તે સમયે બાલ્યાવસ્થાના સારા સંસ્કારોનું પણ કાંઇ વિશેષ ફળ દેખાતું નથી અને તે ખરાબ સંગતિના પ્રભાવમાં પડી જાય છે. ઘણે ભાગે એવું જોવામાં આવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે જે યુવક પોતાની બાલ્યાવસ્થામાં ઘણોજ સુશીલ, સાત્વિક અને વિનમ્ર હોય છે તે એકાદ બે વર્ષ ખરાબ સંગતિમાં રહેવાથી એવો બગડી જાય છે કે ફરી તેના સુધરવાની જરા પણ આશા રહેતી નથી.

બાળકોના સંબંધમાં તો એમ કહેવામાં આવે છે કે તેઓ બહુજ અનુકરણપ્રિય હોય છે, પરંતુ યુવકો અને વૃદ્ધો પણ કાંઈ ઓછા અનુકરણપ્રિય નથી હોતા. તેઓ પણ પોતાના સોબતીઓને જે કાંઈ કરતાં જુએ છે તે પોતે જ કરવા લાગી જાય છે. વાત એમ છે કે સંગતિમાં એટલો બધો પ્રભાવ રહેલો છે કે તે બીજાના ચારિત્રના સંગઠનમાં અસર કર્યા વગર રહેતી જ નથી. પ્રત્યેક મનુષ્ય ઉપર તેના સોબતીઓના આચાર વિચાર, રહેણીકરણી અને વાતચીત વિગેરેનો ઘણો પ્રભાવ પડે છે. જે રીતે આપણાં શરીરના સંગઠનનો આધાર આપણાં ભોજન ઉપર રહેલો છે તેવી જ રીતે આપણાં વિચારો અને વ્યવહાર આદિના સંગઠનનો આધાર આપણી સંગતિ ઉપર રહેલો છે.

એક વિદ્વાન મહાશયે ઉદાહરણ અથવા આદર્શને મનુષ્યનો સૌથી મહાન શિક્ષક કહ્યો છે અને એ વાત વાસ્તવિક રીતે ઠીક પણ છે. મોટાઓનો પ્રભાવ નાનાઓ ઉપર તો પડે છે જ, પરંતુ નાના અને દુર્બલ પ્રકૃતિના લોકોનો પણ બીજાઓ ઉપર કાંઇ ને કાંઈ પ્રભાવ જરૂર પડે છે જ. એ પ્રભાવ કેવળ બાળકો તેમજ યુવકો ઉપર જ નહિ, પરંતુ વૃદ્ધો પર પણ પડતો જોવામાં આવે છે. લોકો દેખાદેખીથી કોઇ કામ કરવા લાગી જાય છે અને સમય જતાં તે કામ કરવાનું એના અભ્યાસમાં પરિણત થઇ જાય છે અને પછી એ અભ્યાસના પંજામાંથી છુટવાનું જેવું તેવું કામ નથી. એક વખત પ્રસિદ્ધ તત્વવેત્તા પ્લેટોએ એક બાળકને ઠપકો આપ્યો. ત્યારે તેણે કહ્યું કે " આપ તો બહુ નાની બાબત માટે મને ઠપકો આપો છો " જે વખતે પ્લેટોએ જવાબ આપ્યો કે " ટેવ એ કાંઈ નાની સુની વસ્તુ નથી. "

આજકાલ લોકો શિક્ષણના મહત્વની બહુ પ્રશંસા કરે છે એ ઠીક છે. પરંતુ સંગતિના મહત્વ ઉપર ઘણું જ ઓછું ધ્યાન આપે છે. વસ્તુતઃ સંગતિનું મહત્વ ઘણે ભાગે શિક્ષણથી પણ વધારે છે. સ્વ. ગોખલેજી જો જસ્ટીસ રાનડેની સેવામાં દીર્ઘ કાળ પર્યંત ન રહ્યા હોત તો તેઓ કેવળ પોતાનાં શિક્ષણનાં બળે આટલી બધી દેશસેવા કરવા સમર્થ બન્યા હોત કે કેમ એ શંકાશીલ છે.

પ્રત્યેક મનુષ્ય વિચાર અથવા કાર્ય કરવામાં પરમ સ્વતંત્ર હોય છે; અને જો તે પોતાની એ સ્વતંત્રતાનો ઠીક ઉપયોગ કરે તો સંગતિ કરવા માટે પણ સારા મિત્ર પસંદ કરી શકે. પરંતુ ઘણે ભાગે એવું બને છે કે લોકો પોતાની દુર્બળતાને લઇને પોતાની એ સ્વતંત્રતા ગુમાવી બેસે છે અને સંયોગવશાત્ તે જે લોકો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નજરે પડે છે તેની સાથે ભળી જાય છે. એ વાત પણ ઠીક છે કે મનુષ્ય પોતે જેવો હોય છે તેવાની સાથે જ એનો મેળ થાય છે. કોઇ સત્યનિષ્ઠ માણસને અસત્યવાદી અથવા ચોરની સાથે બેસવા ઉઠવાનું બનશે જ નહિ; પરંતુ એ વાત મધ્ય અથવા અંતિમ જીવનમાં વિશેષ રૂપે બને છે. યુવાવસ્થામાં જ્યારે સ્વભાવ અને પ્રવૃત્તિ આદિનું સંગઠન થતું હોય છે અને યુવકનાં હૃદય ઉપર કોઇ જાતના પુરા સંસ્કાર પડવામાં વિલંબ થાય છે ત્યારે સંગતિ ઘણે ભાગે નદી નાવ સંયોગના સિદ્ધાંત ઉપર જ થાય છે. યુવક સ્વતંત્રતાપૂર્વક લોકોની સાથે હળવા-મળવા લાગે છે અને અનુભવ આદિના અભાવને લઇને ખરાબ સંગતિમાં ફસાઇ જાય છે.

તાત્પર્ય એ છે કે યુવકોને માટે મિત્રની પસંદગીનું કાર્ય ઘણું જ મહત્વપૂર્ણ અને કઠિન છે. મહત્વપૂર્ણ એટલા માટે કે તેના ઉપર તેનું ભવિષ્ય નિર્ભર રહેલું છે અને કઠિન એટલા માટે કે એ કામ એવે સમયે કરવું પડે છે કે જ્યારે અનુભવનો બિલ્કુલ અભાવ હોય છે અને સંસારના ઉચ્ચ નીચનું કશું જ્ઞાન હોતું નથી. જો યુવાવસ્થામાં સંતાન ઉપર માતાપિતાનો કંઇક અંકુશ રહે અને તે પોતાની ઉત્તમ પ્રવૃતિ તથા શક્તિનો સદુપયોગ કરે તો જરૂર તેને ઘણી સારી સંગતિ મળી જાય. તે સમયે જો યુવક સારી સંગતિમાં પડી જાય છે તો તેનામાં સર્વ વાતો સારી જ આવે છે. ઘણા લોકો એવા હોય છે કે જેઓને જોતાં વેંત જ મનુષ્યમાં પ્રેમ અને શ્રદ્ધા જાગૃત થાય છે તેવાજ મનુષ્યોની સંગતિ યુવકને સારા માર્ગે દોરે છે. પરંતુ કેટલાક એવા લોકો પણ હોય છે કે જેને જોતાં જ મનમાં ધૃણા અથવા ખરાબ ભાવોનો આવિર્ભાવ થાય છે. એવા લોકોની સંગતિથી મનુષ્યની પડતી થાય છે. હિતોપદેશમાં કહ્યું છે કે:—

हीयते हि मतिस्तात हीनैः सह समागमात् ।
समैश्च समतामेति विशिष्टैश्च विशिष्टताम् ॥

અર્થાત્ હલકા લોકોની સંગતિથી મનુષ્યની બુદ્ધિ ખરાબ થઇ જાય છે, સમાન સ્થિતિના લોકોની સાથે રહેવાથી સમાન રહે છે અને સારા લોકોની સાથે રહેવાથી સારી થઇ જાય છે. એટલા માટે જે લોકો પોતાને સુધારવા અને સંસારમાં ઉન્નતિ કરવા ચાહતા હોય તેઓનું સૌથી પ્રથમ કર્તવ્ય એ છે કે તેઓએ સારા લોકોની સંગતિ કરવી અને જેઓ પોતાની કરતાં અધિક વિદ્વાન, ધીમાન અને ગુણવાન હોય તેઓની સાથે જ રહેવું. કેવળ સારા લોકોની સંગતિથી જ પુરેપુરૂં કાર્ય થઇ શકતું નથી. તે સારા લોકોની સઘળી સારી બાબતો બરાબર ધ્યાનમાં રાખવી જોઇયે અને હંમેશાં તે અનુસાર વર્તવાનો પ્રયત્ન કરવો જોઇએ, તે વગર તેઓના સદ્ગુણોનો સંપૂર્ણ સંચાર અસંભવિત છે, એ તો સંદેહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગરની વાત છે કે સજ્જનોની સંગતિથી મનુષ્યનું હમેશાં હિત જ થાય છે; પરંતુ તેમનો પુરેપુરો લાભ લેવા માટે કંઇક પ્રયત્ન કરવો જોઇએ. શ્રેષ્ઠ મનુષ્યોના વિચારોની સહાયતાથી આપણા વિચારો શ્રેષ્ઠ બને છે અને તેઓનાં જ્ઞાનથી આપણું જ્ઞાન વધે છે. તેઓનાં અનુકરણથી આપણે પણ સદાચારી બનીએ છીએ અને ખરાબ વસ્તુઓ તરફ આપણાં મનમાં ઘૃણા ઉત્પન્ન થાય છે. સજ્જન સંગતિથી શા લાભ થાય છે તે સંબંધમાં કહ્યું છે કે:—

जाड्यं धियो हरति सिंचति वाचि सत्यं
मानोन्नतिं दिशति पापमपाकरोति ।
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं
सत्संगतिः कथम किं न करोति पुंसां ॥

અર્થાત્ સત્સંગ બુદ્ધિની જડતાને દૂર કરે છે, સત્યમાર્ગી બનાવે છે, માન વધારે છે, પાપોને દૂર કરે છે, મનની પ્રસન્નતા આપે છે, અને સર્વત્ર કીર્તિ ફેલાવે છે. સત્સંગતિ માણસને શું ફાયદો નથી કરતી ?

કેટલાક લોકો સારી અથવા નઠારી કોઇ પ્રકારની સંગતિ કરવા કરતાં કોઇની સંગતિ ન કરવી એ સારૂં સમજે છે. આવા લોકોને નથી સંસારનું જ્ઞાન થતું, તેમજ નથી તેઓમાં ગુણોનો સંચાર થઇ શકતો. આચાર તેમજ વિચારમાં દઢતા ત્યારેજ આવે છે કે જ્યારે મનુષ્યને સંસારના તડકા છાંયા જોવા પડે છે, ઠોકરો ખાવી પડે છે, અને વિકટ પ્રસંગોની સામે થવું પડે છે. એકાંતવાસીઓને એક એ પણ ગેરલાભ છે કે તેઓ ઘણે ભાગે દુઃખમય જીવન ગાળે છે. ચાર માણસની સાથે રહેવાથી મનુષ્યનું ચિત્ત પ્રસન્ન અને પ્રફુલ્લ રહે છે અને તેના સુખમાં વધારો થાય છે. અને કદિ તેના પર કોઈ જાતની આપત્તિ આવી પડે છે તો તે ચાર માણસોની સંગતિને લઇને દિલાસો મેળવી શકે છે. પરંતુ એકાંતવાસી મનુષ્યને તો નથી સંગતિનું સુખ પ્રાપ્ત થતું, તેમજ નથી પોતાનાં દુઃખનો બોજો હલકો કરી શકતો.

સત્સંગતિનું શુભ-પરિણામ જીવનની કાંઇ વિશેષ અવસ્થામાં જ થાય છે એટલુંજ નહિ પણ તેનો ઉપયોગ સઘળી સ્થિતિઓમાંજ છે. જો બજારમાં બેચાર વેપારી સત્યનિષ્ઠ અને પ્રમાણિક હોય છે તો તેની દેખાદેખીથી અથવા ભય વા લજ્જાથી બીજા અનેક વેપારી સત્યનિષ્ઠ અને પ્રમાણિક બને છે. એકની દેખાદેખીથી બીજામાં સદ્ગુણ અવશ્ય આવે છે જ. આ કથનની સત્યતા સિદ્ધ કરનારા અનેક દષ્ટાંતોથી પુરાણો અને ઇતિહાસ ભરપૂર છે.

એક વિદ્વાનનું એવું મત છે કે સત્સંગત જ સદાચાર શીખવાની સૌથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરસ પાઠશાળા છે, અને સજ્જનોનાં ચરિત્ર જ નીતિ-શાસ્ત્રનાં સૌથી સુંદર પુસ્તકો છે. મહાત્માઓનાં દર્શનમાત્રથી જ મનુષ્યના હૃદયમાંથી દૂષિત વિચારો દૂર થાય છે, મેલ ધોવાઇ જાય છે. કોઈ મહાપુરૂષ, સાધુ અથવા સજ્જન પાસે જરાવાર બેસીએ છીએ ત્યારે આપણા વિચારો શુદ્ધ થઇ જાય છે, આપણું ચિત્ત પ્રફુલ્લતા અનુભવે છે અને આપણામાં કોઇ નવા બળનો સંચાર થઇ જાય છે. મહાપુરૂષોના ચિત્રો ટાંગવાનો મુખ્ય હેતુ એ છે કે તેઓનાં દર્શન અથવા સ્મરણ માત્રથી જ મનુષ્યની પ્રવૃત્તિ સત્કાર્યો તરફ વળવા લાગે છે મનુષ્યના હૃદય ઉપર એક સજ્જનની કોમળ વાતોનો જેટલો સારો અને સચોટ પ્રભાવ પડે છે, તેટલો કોઇ રાજાના કઠોર દંડનો પણ પડી શકતો નથી. કઠોર દંડનું પરિણામ વધારેમાં વધારે એટલું આવી શકે છે કે મનુષ્ય એટલું સમજે છે કે અમુક પ્રકારનું કાર્ય કરવું એ ખરાબ છે, પરંતુ શુભ કાર્યો તરફ પ્રવૃત્તિ કેવળ સજ્જનોના સદુપદેશથીજ થઇ શકે છે.

આ સ્થળે અમેરીકામાં બનેલી એક ઘટનાની નોંધ લેવી અનુચિત નહિ ગણાય. ન્યુયોર્કમાં એક માણુસ રહેતો હતો જે અનેકવાર જેલમાં જઇ આવ્યો હતો. અનેક અપરાધોને લઇને તેને લગભગ પચીસ વર્ષ જેલમાં જ ગાળવા પડયા હતા. જેવો તે જેલમાંથી છુટીને આવે કે તરતજ કાંઇને કાંઇ અપરાધ કરી બેસતો કે જેને લઇને તેને જેલમાં જવું પડતું હતું. ઘણા લોકોએ એને સુધારવા ઇછયું, પરંતુ પરિણામ કશું ન આવ્યું. ઘણીવાર તેને નોકરી મળેલી, પરંતુ લોકો તેના શેઠ પાસે એની વિષે ફરિયાદ કરતા જેથી તેને નોકરીમાંથી વારંવાર રદ કરવામાં આવતો હતો. એક વખત જેલમાંથી છુટયા બાદ તેને એક સાધ્વી સ્ત્રીની સાથે મેળાપ થઇ ગયો. તે સ્ત્રીયે તેને એમ પણ ન પૂછયું કે તેં શા શા અપરાધ કર્યા હતા અને તારે કેમ જેલમાં જવું પડયું હતું. તેના કરેલા દુષ્કર્મોનો કશો પણ ખ્યાલ કર્યા વગર તેણે તે માણુસને એટલું જ કહ્યું કે "તમે તમારા સર્વ પાછલા દોષો તદ્દન ભૂલી જાઓ. તમારી શારીરિક અને માનસિક શક્તિઓનો ઉપયોગ સંસારમાં સત્કર્મ કરવામાં કરો. અત્યાર સુધી તમે જે કાંઇ કર્યું છે તે તમારે માટે સારૂં થયું છે. કેમકે તમારામાં જે કાંઇ ત્રુટિઓ હતી તે વિપત્તિઓ સહન કરવાથી અને અનુભવ પ્રાપ્ત કરવાથી દૂર થઇ ગઇ છે. હવે તમે સર્વાંગપૂર્ણ મનુષ્ય થયા છો. તમે હમેશાં સુખી રહેવા યોગ્ય અને સત્કર્મ કરવા યોગ્ય બની ગયા છો. તમે કદિ પણ હવે તમારી જાતને અપરાધી ન માનો અને કોઇને જોઇને કદિપણ લજ્જા ન પામો. તમે તમારી જાતને સર્વગુણ સંપન્ન, સશક્ત અને ઇશ્વરના અંશરૂપ ગણો, તમારી જાતને સુધારવાનો દૃઢ સંકલ્પ કરો. તમારામાં એક એવી શકિત રહેલી છે કે જે તમને જરૂર સત્કર્મો તરફ પ્રવૃત્ત કરશે અને તમને મહાત્મા બનાવી મૂકશે." એ સાધ્વી સ્ત્રીના શબ્દોનો તે અપરાધી ઉપર એટલો બધો સારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભાવ પડયો કે તે થોડા વખતમાંજ સદાચારી સજ્જન બની ગયો. તેના આચાર-વિચારમાં મહાન પરિવર્તન થઈ ગયું અને તે શુભ કાર્યો કરવા પ્રવૃત્ત થઇ ગયો.

પચીસ પચીસ વર્ષોની જેલયાત્રા અને મારપીટથી જે કામ ન થઇ શકયું તે એક સાધ્વી સ્ત્રીના થોડા શબ્દોથી થયું. આનું મુખ્ય કારણ શું ? એજ કે કઠોર દંડનો પ્રભાવ એના હૃદયને નહોતો સ્પર્શી શકતો, પરંતુ સાધ્વી સ્ત્રીના સાચા શબ્દો તેના અંતઃકરણમાં સચોટ લાગી ગયા. સાધુતા અને સત્યતાનું આવું જ સુંદર પરિણામ આવે છે. સાત્વિક અને સાધુ મનુષ્યોના મુખથી નીકળેલા શબ્દોનો પ્રભાવ હૃદયસ્પર્શી બને છે અને બીજામાં સાત્વિકતા અને સાધુતાનો સંચાર કરે છે. —( ચાલુ. )

# વિશ્વરચના પ્રબંધ.

## નિવેદન ૧૫ મું.

( ગતાંક પૃષ્ટ ૨૩૯ થી શરૂ. )

જે ક્ષેત્રમાં ખેતી યુદ્ધ વ્યાપારાદિ ક્રિયા થાય છે તે ક્ષેત્ર કર્મભૂમિ એવા નામથી ઓળખાય છે. કર્મભૂમિના ક્ષેત્રોમાં ચડતી પડતીના પ્રસંગો બન્યા કરે છે. આ આપણો ભરતખંડ કર્મભૂમિનું ક્ષેત્ર છે હવે તેની ઉત્પત્તિ–નષ્ટપ્રાયમાંથી ઉદય કયારે થયો તે આપણને જાણવાનું બાકી છે.

સુદી ને વદીની જેમ ઉત્સર્પિણી ( અવળી સર્પાકૃતિની પેઠે ચડતો કાળ ) ને અવસર્પિણી ( સવલી સર્પાકૃતિની પેઠે ઉતરતો કાલ ) એ સર્પિણીના નામ આપ્યા છે તે ઉપરથી આપણે કાંઇ જાણી શકીશું. ઉત્સર્પિણીકાલમાં આરંભમાં સુદી એકમના ચંદ્રની પેઠે મનુષ્ય પશુ પક્ષી વિગેરે બીજ માત્ર ( ઘણાં જ થોડા પ્રમાણમાં હોય છે ) મનુષ્યો ગુફાવાસ કરી માંસાહારથી જીવન યાત્રા કરે છે, સૂર્યની ગરમી મહાન પડે છે, અગ્નિની વૃષ્ટિ થાય છે, ભૂમિ પણ ધગધગતી અંગારા જેવી હોય છે ને ઠંડીકાળે ઠંડી પણ અસહ્ય હોય છે, રોગ શોકને ક્રોધાદિ તો મનુષ્યમાં વાસ કરીને રહેલાજ હોય છે, મનુષ્યનું બહુમાં બહુ મોટું શરીર બે હાથનું થાય છે કોઇ બહુ લાંબી જીંદગી ભોગવે તો ૨૦ વર્ષમાં જ તેની હદ પુરી થાય છે. આ કાળ તે જગતના પ્રલયરૂપ હોય છે. આ પ્રમાણે દુખમદુખમનામનો ૨૧૦૦૦ વર્ષનો આરો દુખમય પરિપૂર્ણ થાય છે. ત્યારપછી તેટલા વર્ષના માપવાળો દુઃખમ નામના આરાની શરૂઆત થાય છે આ કાળમાં ઉત્તમ પ્રકારના રસકસ દેનારા મેઘો વરસે છે, ગરમી ને ઠંડી પણ ઘટે છે, વનસ્પતિ ફાલે છે ને વનસ્પતિના આહારથી મનુષ્યના શરીરમાં આરોગ્યતા વધતાં શરીર પુષ્ટ, ઉંચુ ને લાંબા આયુષ્યવાળું બને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, ક્રમે સુખમિશ્રિત દુ:ખવાળો ૧ સાગરોપમવર્ષ પ્રમાણુનો ત્રીજો આરો પ્રવર્તે છે. આ આરાના આરંભમાં શરીર ૭ હાથનું ને આયુષ્ય સો વર્ષનું હોય છે. પછી ક્રમે આયુષ્ય ને દેહમાન વધતાં જાય છે, સુખના સાધનો બને છે, ભૂમિ ઘણી જ રસાલ ને ફળદ્રુપ બનતી જાય છે, તે સમયમાં નીતિમય રાજ્યના બંધારણો બહુ સારાં હોય છે; પછી નવ સાગરોપમ સુધી ચોથો પાંચમો ને છઠ્ઠો ત્રણ આરા ચાલે છે. આરાનો જેમ જેમ અધિક કાળ જાય છે તેમ તેમ સુખની વૃદ્ધિ થતી જાય છે, લોકો એટલાબધા નીતિવાળા હોય છે કે શાસન નાયક ( રાજા વિગેરે ) રાખવાની જરૂરજ પડતી નથી. ભાઈચારો, સંપ, પ્રેમ, નીતિ, હર્ષ, મન:સંયમ ઇત્યાદિ દરેક ગુણો દરેક મનુષ્યમાં નૈસર્ગિક રીતે વાસ કરી રહે છે, તેઓનું આયુષ્ય ઘણુંજ મોટું હોય છે, તેઓને ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ કલ્પવૃક્ષમાંથી થાય છે, ભૂમિ પણ ઘણી રસાલ હોવાને લીધે કલ્પવૃક્ષની પ્રાપ્તિ પણ ઘણી સુલભ હોય છે. આ પ્રમાણે આ છ આરાને ઉત્સર્પિણી એટલે ચડતો કાળ કહે છે. આ કાળના છેડામાં જગત દરેક રીતે પૂર્ણચંદ્ર પેઠે ખીલેલું ઉદયવાળું હોય છે. આ ફેરફાર દરેક ( ૧૦ ) કર્મ ભૂમિ ક્ષેત્રમાં એક સરખી રીતે થયા કરે છે ! ત્યારપછી વદીની પેઠે અવસર્પિણી ( પડતો કાળ ) કાળનો આરંભ થાય છે તેમાં ચંદ્રની કળાની જેમ દરેક રીતે જગતમાં હાનિ થતી જાય છે, ઉત્સર્પિણી કાલનું જે ચડતું માપ છે તેથી વિલોપ રીતે ( ઉલટી રીતે ) અવસર્પિણી ( પડતા ) કાળનું માપ જાણવું. અત્યારે પણ અવસર્પિણી કાળ ચાલે છે. આપણો ઇતિહાસ નીચે પ્રમાણે છે:—

અવસર્પિણી કાળનો ચાર સાગરોપમ પ્રમાણવાળો સુખ સુખ નામનો પહેલો આરો હોય છે, તે વખતના મનુષ્યોને ૩ ગાઉની ઉંચાઇ ને ૩ પલ્યોપમનું આયુષ્ય હોય છે, તેઓને વાંસાની કોડમાં ૨૫૬ પાંસળીઓ હોય છે, તેઓને ક્ષુધા બહુ જ ઓછી હોય છે, તે કાળે જન્મેલ બાલકને ૪૯ દિવસ માત્ર સાર સંભાળ કરવી પડે છે. ત્યારપછી ત્રણ પલ્યોપમ પ્રમાણવાળો " સુખમ " નામે બીજો આરો થાય છે. આ આરામાં પણ મનુષ્યો યુગલિક રૂપે જન્મે છે, રહે છે ને મૃત્યુ પામે છે, તેમના દેહનું માપ બે ગાઉ ને આયુષ્ય બે પલ્યોપમ હોય છે, તેઓને પણ ક્ષુધા ઓછી હોય છે, તેઓના હાડ પણ બહુ મજબુત હોય છે, વાંસામાં ૧૨૮ પાંસળીઓ હોય છે, તેઓ ૬૪ દિવસ સુધીજ સંતાન પાલનની કાળજી રાખે છે, ક્રમે દરેક રીતે હાનિ પામતા ૨ સાગરોપમપ્રમાણ ત્રીજો આરો થાય છે. તે કાળમાં આરંભમાં મનુષ્યો ૧ ગાઉના ને એક પલ્યોપમ વર્ષાયુવાલા હોય છે, તેઓને વાંસામાં માત્ર ૬૪ પાંસળીઓ હોય છે, આહાર નિત્ય અલ્પ પ્રમાણમાં લે છે ને ૭૯ દિવસ સુધી સંતાન પાલન કરે છે; પણ આ આરાનો ત્રીજો ભાગ બાકી રહેતાં નીતિના બંધનો શિથિલ થાય છે, કુસંપ આદિ પણ વધે છે, જેથી તે સર્વને મર્યાદામાં રાખનાર રાજા વિગેરેની સ્થાપના થાય છે ને દંડ વિગેરે મુકરર કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે. આ ચાલુ અવસર્પિણીના ત્રીજા આરાના અંતમાં નીચે પ્રમાણે રાજાઓ થયા છે. **વિમલવાહન**, ચક્ષુષ્માન, યશસ્વાન, અભિચંદ્ર, પ્રશ્રેણી, મરૂદેવનાભી, **રૂષભદેવ**. એમ ઉત્તરોતર ૭ રાજાઓ થયા હતા, પણ તે વખતે મનુષ્યો સરલ હૃદયના હોવાથી નિષેધવાચક શબ્દમાં બોલતાંજ અનીતિથી અટકતા હતા. ક્રમે શબ્દ ઘરગથુ થઇ જવાથી "હું" એ શબ્દમાત્ર દંડરૂપે મનાતો હતો. પરંતુ લોકોના હૃદયની સરળતા ઘટતી ગઇ ને હકારનો ઓજ ન પડવાથી ધિક્કાર ( ધીક્ક )[1] શબ્દ બોલવારૂપ દંડની જરૂર પડી હતી.

ઉપર પ્રમાણે નીતિનાં મૂલ શોષાતાં પૃથ્વીપણ અલ્પ રસવાળી બનવા લાગી, કલ્પવૃક્ષો ઘટવા લાગ્યા, ઈષ્ટવસ્તુ પ્રાપ્તિના અભાવે જનસમૂહમાં કુસંપ પ્રસર્યો. જેની શાંતિ કરવાને માટે બુદ્ધિશાળી રાજાની ચુંટણીમાં ઈક્ષ્વાકુ કુળભૂષણ નાભિ રાજાના પુત્ર રૂષભદેવ ભગવાન ચુંટાયા અને નાભિરાજાયે પણ યુગલીઆઓના પ્રેમથી ને સ્વ પુત્રના બુદ્ધિચાતુર્યથી આકર્ષાઇ જનસમૂહને નિતિમાર્ગે ટકાવી રાખવાનું, નીતિમાર્ગે ચલાવવાનું સુકાન ( આધિપત્ય ) રૂષભદેવ કુમારને સોંપ્યું. ને રૂષભદેવ ભગવાને પણ પોતાની પ્રજાને અન્ન ગ્રહણ, અન્ન પાચન, વિગેરે ક્રિયાઓ કુંભકારઆદિની શિલ્પ કળાઓ શીખવ્યાં. આ રાજાના કાળમાં **વિનિતા** નગરી બનાવવામાં આવી ને તે પર રૂષભદેવ કુમારને તખ્તનશીન કરવામાં આવ્યા. રૂષભદેવજીએ ઘણાકાળ સુધી રાજ્ય ભોગવી મનુષ્યોને મનુષ્યપણાનો દરેક આચાર વ્યવહાર શીખવીને આ સંસારસાગરનો ત્યાગ કર્યો, આત્મસાધન માટે ઉદ્યત થઇ આત્મ સાક્ષાત્કાર કર્યો. તેઓ અરિહંત થયા. (રાગદ્વેષરહિત જ્ઞાનીઓના રાજા) તેમનું દેહમાન ૫૦૦ ધનુષ્યનું હતું, ૮૪ લાખ પૂર્વ વર્ષનું આયુષ્ય હતું, તેમણે કલાધર્મો વિગેરે પ્રસિદ્ધિમાં મુકયા હતાં તેમજ સંસાર દર્શન, સંસ્થાન દર્શન, તત્વાવબોધ, વિદ્યા પ્રબોધ નામે ચાર વેદની નીરૂપણા કરી હતી. પોતાના પ્રયત્નથી મેળવેલ રાજ્ય આદિમાં મમત્વનો ત્યાગ કરનાર મહાત્માઓને સહસ્ત્રશઃ ધન્યવાદ ઘટે છે. આ મહાત્માનો અભાવ થયો પછી તુરત જગતમાં ત્રીજા આરાની પૂર્ણાહુતિ થઇ હતી ( પુરાણમાં રૂષભદેવ ભગવાન થઇ ગયાને સ્વયંભુ મન્વંતર-કાળ જણાવે છે ). ત્યારપછી એક પલ્યોપમથી ઓછા વર્ષ પ્રમાણવાળો **ચોથો** આરો જાણવો. આ આરામાં રૂષભદેવ ભગવાનના પુત્ર + ૫૦ **ભરત** ચક્રવર્તિ

---

૧ અત્યારે તો ધિક્કાર શબ્દને પણ કોઇ ગણતું નથી તેથી કાયદા કાનુનના વિશાળ ગ્રંથો રચવા પડયા છે ને તેમાં કલમને પેટા કલમો વધતી જ જાય છે. દરેક ગામમાં કોરટો નવી નવી સ્થપાતી જાય છે, ખરેખર આ શરમાવા જેવું છે. કાયદા અને લુચ્ચાઇ કુદકે અને ભુસકે વધ્યા જ જાય છે. આર્યાવર્તની આ દશા ?

+ ૫૦ ટીપણી આ વખતે દરેકને પુત્રાદિકની સંખ્યા બહુ વિશાલ હતી જુઓ અત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહેલો રાજા થયો. તેણે સમસ્ત ભારતવર્ષના છયે ખંડ ચક્રશસ્ત્રના બળે સાધવાથી ચક્રવર્તિ એવે નામે જગતમાં ગવાયો છે. ચક્રવર્તિનું બળ ઘણુંજ હોય છે જેના બળનું નીચે પ્રમાણે માપ થાય છે.

| | | |
|---|---|---|
| બાર આદમીઓના બલ સરખું | | એક બલદનું બલ. |
| દશ બલદનું | ,, ,, | એક ઘોડો. ,, |
| બાર ઘોડાનું | ,, ,, | એક ભેંસ. ,, |
| પાંચસો ભેંસોનું | ,, ,, | એક હાથી. ,, |
| ૫૦૦ હાથીનું | ,, ,, | એક સિંહ. ,, |
| ૨૦૦ સીંહ | ,, ,, | એક અષ્ટાપદ. ,, |
| ૫૦૦ અષ્ટાપદનું | ,, ,, | એક બળદેવ. ,, |
| બે બલદેવનું | ,, ,, | વાસુદેવ. ,, |
| નવ વાસુદેવના | ,, ,, | ચક્રવર્તી. ,, |
| દશ લાખ ચક્રવર્તિના,, | ,, | દેવ. ,, |
| એક કરોડ દેવતાઓના | ,, | એક ઇંદ્ર. ,, |
| ત્રણ કાલના ઇંદ્રોના ,, | ,, | એક અરિહંત. ,, |

અત્યારે જેમ એંજીન વિગેરેમાં ૪૦૦ હોર્સનો પાવર વિગેરે માપ કરાય છે તેમ ઉપરોકત બળ માટેનું પ્રાચીન માપ સમજવું.

ભરત ચક્રવર્તિને બાહુબલી નામે નાનો ભાઇ હતો તેની તક્ષશિલામાં રાજ્યધાની સ્થપાઇ હતી મુસલમાન પ્રજાનો આદિ વંશ પુરૂષ બાહુબળી સંભવે છે. વળી ભરતના પૌત્ર મરીચથી ત્રીદંડીમત પ્રસિદ્ધ થયો, તેનો શિષ્ય પરિવ્રાજક કપીલ

---

પણ પરિવારમાં ઘણા મનુષ્યોની સંખ્યા હોવાનું મળી આવે છે એક અમેરીકનને પુત્ર પૌત્રાદિ મળી ૯૫ મનુષ્યોનો પરિવાર છે ( હિંદિ જૈન બંધુ ૧-૨ )

ઇ. સ. ની ૧૭ મી સદીમાં એક સ્કોટલાંડના વણકરે એક સ્ત્રીથી ૬૨ છોકરાને જન્મ આપ્યો હતો જેમાંથી ૪૬ જીવતાં રહ્યાં હતાં.

કેનેડાવાસી ૬૯ વર્ષના લેવી બ્રેકશોને ત્રણ સ્ત્રીથી ( ૬-૨૪-૧૧ ) ૪૧ છોકરાં થયાં છે જેની વંશાવળીના અત્યારે ૨૦૦ ફળ છે.

કલકેનવલનાં એક વેપારીને ૩૬ છોકરાં છે. ચેસ્ટરની મીસીસ મેરી જોનસને ૩૩ છોકરાં છે. મીસીસ એમાંહેરને સતાવીશ બાલકો છે.

( વીર C/o. ૩ અં. ૨૫ પૃ. ૮૨૮ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામે થયો હતો તેનો શિષ્ય આસુરીનો શિષ્ય નામી પરિવ્રાજકોની પછી ઘણા કાળે તેઓના ધર્મના મુદ્દાઓ લોકોને વિસ્મરણ થવાના ભયથી ગ્રંથ રૂપે કોઈએ ગોઠવ્યા હશે. પણ તેમના મૂળ ગ્રંથોમાંથીજ બીજા ધર્મોની હયાતીમાં તે ધર્મ પેદા થવાનું જણાવનાર પાઠો મળી આવે છે.

ભરત ચક્રી પછી તેની ગાદીયે ક્રમો ૨ સુર્યયશા, ( સુર્યવંશ ) ૩ મહાયશા, ૪ અતિબલ, ૫ બલભદ્ર, ૬ કિર્તિવીર્ય, ૭ જયવીર્ય ( સુત રજનોઇ ) રાજાઓ થયા હતા ને બાહુબલીની ગાદીયે તેનો પુત્ર ચંદ્રયશા બેઠો હતો, જેનાથી ચંદ્રવંશ ચાલ્યો પણ તે સર્વમાં કોઈ ચક્રવર્તિ થયો નહતો; પણ ભરતચક્રવર્તિ પછી કેટલેક કાળે બીજો સગર ચક્રવર્તિ નામે થયેલ છે એમ ઘણા ઘણા કાળના આંતરે એક સાથે છ ખંડનું અખંડ રાજ્ય ભોગવનારા ૧૨ ચક્રવર્તિઓ થયા છે.

## બાર ચક્રવર્તિઓનું કોષ્ટક નીચે પ્રમાણે છે.

| નંબર. | નામ. | દેહમાન ધનુષ્ય પ્રમાણ. | આયુષ્ય. |
|---|---|---|---|
| ૧ | ભરત | ૫૦૦ | ૮૪ લાખ પૂર્વ |
| ૨ | સગર | | |
| ૩ | મઘવાન | | |
| ૪ | સનત્કુમાર | | ૩ લાખ વર્ષ |
| ૫ | શાન્તિ | ૪૦ | ૧ લાખ વર્ષ |
| ૬ | કુંથુ | ૩૫ | ૯૫૦૦૦ વર્ષ |
| ૭ | અર | ૩૦ | ૮૪૦૦૦ વર્ષ |
| ૮ | મહાપદ્મ | ૨૦ | ૩૦ હજાર વર્ષ |
| ૯ | હરિષેણ | ૧૫ | ૧૦ હજાર વર્ષ |
| ૧૦ | જય | ૧૨ | ૩ હજાર વર્ષ |
| ૧૧ | બ્રહ્મદત્ત | | |
| ૧૨ | સુભુમ | | |

વચમાં વચમાં ચક્રવર્તિઓના અભાવે છુટક છુટક નવ વાસુદેવો ( અર્ધચક્રી ) થયા છે પ્રતિવાસુદેવો ભારત વર્ષના દક્ષિણના ત્રણ ખંડ સાધી તૈયાર રાખે છે ને વાસુદેવો પોતાના વડીલ બંધુની સહાયથી પ્રતિવાસુદેવને મારી તેનું રાજ્ય ઝુંટાવી લઈ ત્રણે ખંડના ભોકતા બને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| નંબર. | ત્રણે ખંડનું રાજ્ય જીતી તૈયાર રાખનાર પ્રતિ વાસુદેવ | વાસુદેવને સહાય કર્તા તેનો મોટો ભાઈ બલદેવ | પ્રતિવાસુદેવને મારી ત્રણે ખંડનો ભોકતા વાસુદેવ | વાસુદેવનું દેહમાન ધનુષ્ય | વાસુદેવનું આયુષ્ય માન |
|---|---|---|---|---|---|
| ૧ | હયગ્રીવ | અચલ | ત્રિપૃષ્ટ | ૭૦ | ૭૨ લાખ |
| ૨ | તારક | વિજય | દ્વિપૃષ્ટ | ૫૦ | ૬૦ લાખ |
| ૩ | મેરક | ભદ્ર | સ્વયંભુ | ૫૦ | ૩૦ લાખ |
| ૪ | મધુકૈરભ | સુભદ્ર ( સુપ્રભ ) | પુરૂષોતમ | ૪૫ | ૧૦ લાખ |
| ૫ | નીશંભુ | સુદર્શન | પુરૂષસિંહ | ૨૯ | ૬૫ હજાર |
| ૬ | બળીષ્ટ | આનંદ | પુંડરિક | ૨૬ | ૨૬ હજાર |
| ૭ | પ્રલ્હદ | નંદન | દત્ત | | |
| ૮ | રાવણ | રામ | લક્ષ્મણ | | |
| ૯ | જરાસંઘ | બલભદ્ર | કૃષ્ણ | | |

આ છેલ્લા વાસુદેવથી ૮૪ લાખ વર્ષ પછી શ્રેણીક રાજા થયો છે.

આ ચોથા આરામાં ઘણા ભાગોમાં સત્યઅહિંસકધર્મોનોજ પ્રભાવ જામેલો હતો. નીતિનું આચરણ દરેક હૃદયમાં પવિત્રપણે વસતું હતું. લોકો પણ જ્ઞાન ધ્યાનમાં ને કળા કૌશલ્યમાં ઉચ્ચ પ્રતિભાને ધારણ કરતા હતા. સ્મરણ શકિત ઘણી હોવાથી દરેક અધિકારો મુખપાઠેજ રહેતા હતા. શિલ્પજ્ઞાન પણ અલૌકિક હતું. અનુક્રમે ચોથા આરાના અંતમાં તે દરેક વસ્તુઓમાં હાનિ થવા લાગી. લોકોમાં ધૃષ્ટતાનું પ્રમાણ વધવા લાગ્યું સુખચેનમાંજ ધર્મની પ્રવૃત્તિ લેખાઇ, ને શુદ્ધ ધર્મમાંથી હિંસા પાઠથી રંગાયેલા નવા નવા ધર્મપાઠો નીકળ્યા. સરલ લોકોને ઠગાતા વાર લાગી નહિ. કાવત્રા બાજો ફાવવા લાગ્યા. વસ્તુતત્વની અન્યથા પ્રરૂપણા ચાલી. ઘણા કાળે તે જુનો ધર્મ છે એમ લેખાતા તેમાં અસત્ય માર્ગનું રૂચિકર માર્ગનું શોધન કરી ધર્મની મર્યાદા બંધાઈ, પરંતુ નાખેલા મનમાનતા પાઠો તો કાયમ રહ્યા. જુઓ સત્યધર્મના મુદ્દાઓ સાથે મધ્યમપણે સરખાવતાં હિંસા વાદના પાઠો પ્રત્યક્ષ તરી આવે છે, જે જોતાં તે ધર્મ (દુર્ગતિમાં પડનારાઓને અટકાવનાર) કહેતા હૃદય દુભાશે, અંચકાશે, જન સમૂહમાં પણ ત્રાસ થવા લાગ્યો. કયાં કૌરવ પાંડવોના સૈન્યની સંખ્યા ને કયાં હાલના હિંદુસ્થાનના મનુષ્યોની સંખ્યા. લોકોની સ્મૃતિમાં પણ ફેરફાર થવા લાગ્યો એટલે દરેક જરૂરી ને કઠણ વિષયોને લખી લેવાનું કામ શરૂ થયું. આપણે સમજી શકીયે છીએ કે અમુક વાત યાદ નહિં રહેતાં તેની નોંધ લેવી પડે છે, તેમ કેટલાક વિષયો લખાણા. હાલના ગ્રંથો જે જે દેખાય છે તે સઘળા ચોથા આરાના અંતના છે એટલે પાંચ હજાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષનું તો કોઇક ભાગ્યેજ હશે. જે ગ્રંથો અત્યારે આપણને બહુ જરૂરના થઇ પડયા છે. આયુષ્યમાં પણ ફેરફાર થતો ગયો. બાઇબલના ઉત્પત્તિ પ્રકરણમાં પણ ૮૦૦ વર્ષના આયુષ્યથી માંડીને ક્રમે ક્રમે ઘટતાં આયુષ્યવાળી પેઢી ઉતારેલ છે. તેમ દેહમાનમાં પણ ઘણો ફેરફાર પડયો ને માણસના અધિકારવાળી ૭૨ કે ૬૪ કળા જાણવાની શકિત પણ ઘટી ગઇ. વળી શિલ્પકળાદિનો અધિકાર પણ ઘટી ગયો. પરંતુ વચમાં વચમાં થતાં સર્વજ્ઞ પુરૂષોએ ધર્મના સારા તત્વો મનુષ્યને ઠસાવ્યા હતા જેથી તે કાલ આપણા વર્તમાન કાળ કરતાં ઘણો સુંદર કાળ હતો, કારણકે તે વખતે અત્યારે જે જે કળાઓ છે તે કળાઓ સંપુર્ણપણે ખીલેલી હતી, વિજ્ઞાનવાદ બહુ સારી રીતે આગળ વધ્યો હતો, શિલ્પ કામ પણ અદ્દ્ભુત હતું, બેબીલોનના ખંડિયરો, લેપલેન્ડની શોધખોળોને મિસરની તકતીયો ઉપરથી પુરાણા સમયના ગૌરવની ખાત્રી થાય છે. (ધ૦ ૩૮) સ્વીટઝર્લૉંડમાંથી ઘણા જુના માટીના વાસણો હજુ મળી આવે છે (મૃગ) જે અત્યાર સુધી રહી શકયા છે તો તેના કરનારમાં કેટલી નિપુણતા હશે ?

(ચાલુ)

# જૈન ઐતિહાસિક શિક્ષણો.

પ્રાચીન જૈન ધર્મના ઇતિહાસ ઉપરથી કેવું ઉચ્ચ શિક્ષણ મળે છે ? તે વાત હજુ જોઇએ તેટલી પ્રસિદ્ધ થવા પામી નથી. બુદ્ધિની વિશાળતાને અભાવે ઘણાંઓ પૂર્વાચાર્યોના ચરિત્રો વાંચી જાય છે, પણ તેમનું સમ્યક્ પ્રકારે મનન કરતા નથી. ઇતિહાસના વિષયમાં કોઇ ચમત્કારિક પ્રસંગ આવે તો તેમને રમુજી અને મનોહર લાગે છે, પણ તેની અંદર શિક્ષણના કેવા કેવા તત્વો રહેલા છે ? તેનો ગંભીર વિચાર કરવામાં આવતો નથી. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા —એ સંઘના ચાર અંગોનો ઉત્કર્ષ કેવી રીતે થઇ શકે છે ? તે પ્રત્યેકના કર્ત્તવ્યોની શુદ્ધ પદ્ધતિ શી છે ? અને તેમના કેવા વર્ત્તનો ઉચ્ચ ગણાય છે ? એ બધી બાબત આપણા પૂર્વાચાર્યોના ચરિત્રોમાં પ્રસંગે પ્રસંગે દેખાય છે ?

સાંપ્રતકાળે જ્યાં જ્યાં સંઘના ચાર અંગોમાંથી જેની જેની ન્યૂનતા દેખાય છે, તેનું કારણ શું છે ? તેનો જો વિચાર કરવામાં આવે તો સ્પષ્ટ રીતે માલમ પડશે કે, તેમની ભાવનાઓમાં કોઇ પણ પ્રકારની ખામી હશે. તે ભાવનાઓની ખામી પૂર્વપુરૂષોના ઇતિહાસના શિક્ષણમાંથી થઇ શકે છે. આજકાલ ઐતિહાસિક શિક્ષણો સારી રીતે મળતા નથી; તેથી ચતુર્વિધ સંઘની આંતર સ્થિતિ જોઇએ તેવી સુધરી શકતી નથી. જે અત્યારે કુસંપ, દ્વેષ, ઈર્ષ્યા, અને અભાવની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનાઓ કેટલેક સ્થળે દેખાય છે, તેનું કારણ ઐતિહાસિક શિક્ષણો તરફ દુર્લક્ષ રાખવાનું છે. પૂર્વાચાર્યોના ઇતિહાસ તરફ નજર કરતાં દેખાય છે કે, તેઓ શાસનની ઉન્નતિ કરવામાં અતિ આદર રાખતા હતા. જે જે સાધનો અને ઉપાયોથી શાસનની ઉન્નતિ સાધ્ય થાય, તેવા સાધનો અને ઉપાયો યોજવાને માટે તેઓ સદા ઉજમાળ રહેતા હતા. કદિ પણ શાસનની હીલણા કે નિંદા ન થવી જોઇએ અને શ્રી વીર પ્રભુએ સ્થાપેલા ચતુર્વિધ સંઘની મર્યાદા ન તોડાવી જોઇએ, એ ઉભય નિયમો સાચવવાને તેઓ ઘણી કાળજી રાખતા હતા.

પ્રાચીન પુરૂષોના ઇતિહાસમાંથી એવા ઉત્તમ શિક્ષણ મળી શકે છે. તેના માટે પ્રથમ આપણે અભયદેવ સૂરિનો દાખલો લઇએ. એ મહાત્માએ પોતાના જીવનમાં કેવા કેવા કર્ત્તવ્યો કરી બતાવ્યા છે? તે સાથે તેમના સમયમાં ગૃહસ્થોએ પણ શું શું કરી બતાવ્યું છે? તે પણ જાણવા જેવું છે. તેમાંથી વર્ત્તમાન કાળની પ્રજાએ ઘણું શિક્ષણ લેવાનું છે.

વિક્રમના બારમા સૈકામાં મહાનુભાવ અભયદેવ સૂરિ આ ભારત વર્ષને અલંકૃત કરતા હતા. તેઓ ધારા નગરીના રહેવાસી હતા. તેમના પિતાનું નામ મહીધર અને માતાનું નામ વનદેવી હતું. મહાનુભાવ અભયદેવ સૂરિનું સંસારી નામ અભયકુમાર હતું. તેઓ બાલ્ય વયથી બુદ્ધિમાન અને આ સંસાર તરફ વિરક્ત રહેનારા હતા. તેમણે શ્રી વર્દ્ધમાન સૂરિના શિષ્ય જિનેશ્વર સૂરિની પાસે ધારા નગરીમાં જ દીક્ષા લીધી હતી. તેઓ પોતાની બુદ્ધિના બળમાં એટલા બધા ચડિઆતા હતા કે, તેમણે દીક્ષિત થયા પછી અલ્પ સમયમાં જ આગળનો ઘણો અભ્યાસ કરી લીધો હતો. તે સાથે તેઓ ચારિત્રના સર્વ ગુણોથી વિભૂષિત બની ગયા હતા. તેમની આવી ઉચ્ચ સ્થિતિ જોઈ તેમના દાદા ગુરૂ શ્રી વર્દ્ધમાન સૂરિની સંમતિથી મહાત્મા જિનેશ્વર સૂરિએ તેમને આચાર્ય-પદ આપ્યું હતું. આ સમયે તેમની વય માત્ર સોળ વર્ષની હતી.

જ્યારે તે મહાનુભાવને આચાર્ય પદ આપવાનું હતું, તે દરમ્યાન તેમના દાદા ગુરૂએ તેમની પરીક્ષા કરવાને કેટલાએક પ્રશ્નો પુછયા હતા. તે મહાનુભાવે તે પ્રશ્નોના એવા પ્રત્યુત્તરો આપ્યા હતા કે, જે ઉપરથી આપણને ઘણું શિક્ષણ મળી શકે તેમ છે. તેમના પ્રશ્નોના બધા ઉત્તરો હાલ ઉપલબ્ધ થતાં નથી, પરંતુ જે કાંઇ મળી શકયા છે, તે ઘણાંજ મનન કરવા યોગ્ય છે.

મહાત્મા વર્દ્ધમાનસૂરિએ તે તરૂણ મુનિને પુછયું હતું કે, "આ સંસારમાં સંસારી જીવન અને મુનિજીવનના સમાન તત્ત્વો કયા છે?" આ પ્રશ્નના ઉત્તરમાં તે તરૂણ મહાત્માએ આ પ્રમાણે કહ્યું હતું. "મહાત્મન્, આ જગતના પ્રાણીઓનું હિત કરવું, એજ તે ઉભય જીવનમાં સમાન તત્ત્વ છે. કારણ કે જગતના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવોને સહાયતા કરવી, તેમનું હિત કરવું, એ આપણું પોતાનું હિત કરવા જેવું છે, એટલા માટે જગતનું એટલે જગત્‌ના પ્રાણીઓનું હિત કરવાનો આપણે સદા પ્રયત્ન કરવો જોઇએ. એ માટે અતિ ઉચ્ચ સામર્થ્ય આપણામાં આવવું જોઈએ. આ જગત્ દુ:ખથી ભરેલું છે, એ વાતનો કાંઈ આપણાથી અસ્વીકાર થવાનો નથી, માટે તેમાંથી પાર પાડીને બીજાને સહાયતા કરવી એ શ્રેષ્ઠ ગુણથી આપણી સહાયતા બીજાને નહીં, પણ આપણને પોતાને જ થાય છે. આપણે પોતાએ ધર્મકાર્યમાં વળવું અને બીજાઓને વાળવા એ આપણું કર્ત્તવ્ય છે, જગત્‌ના જીવોને કોઇ પણ સત્કર્મમાં આપણે જોડીએ, અને આપણા ઉપદેશથી તેઓ જોડાય, તો તેમણે આપણને તેવો શુભ પ્રસંગ લાવી આપ્યો તે ખુશી થવા જેવું છે.

જે પરહિત કરવું, એ તત્ત્વ સંસારીપણામાં અને મુનિપણામાં ઘણે ભાગે સરખું છે. ઉભય પ્રકારના જીવનનો ઉત્કર્ષ એ તત્ત્વથી સાધી શકાય છે.” મહાનુભાવ અભયદેવસૂરિના મુખથી આ શબ્દો સાંભળી તેમના દાદા ગુરૂ વર્દ્ધમાનસૂરિ ઘણાજ પ્રસન્ન થયા હતા અને તેમણે ઘણા આનંદ સાથે તેમને આચાર્યપદ અર્પ્યું હતું. સાંપ્રતકાળે દરેક વ્યકિતએ મહાનુભાવ અભયદેવસૂરિના જીવન ચરિત્રમાંથી એ શિક્ષણ ગ્રહણ કરવું જોઈએ. વિશ્વના સમસ્ત પ્રાણીઓનું હિત કરવાની બુદ્ધિ કે જેને માટે આગમમાં સારી રીતે પ્રતિપાદન કરેલું છે, તે તરફ વર્ત્તમાન કાળની જૈન પ્રજાએ અતિ આદરથી વર્ત્તવું જોઈએ. એમ કરવાથી જે હાલ અનેક જાતના કલહો–કલેશો ઉભા થાય છે, તે થશે નહિં. ગચ્છ, મત અને સંઘેડાના પક્ષપાત ભરેલા ઝગડાઓ જાગ્રત થશે નહીં; કારણ કે સર્વ પ્રાણીનું હિત કરવાની બુદ્ધિ સમતાને જગાડશે અને સર્વત્ર શાંતિ પ્રસરશે.

મહાનુભાવ અભયદેવસૂરિના સમયમાં આ ભારત વર્ષ ઉપર દુકાળ પડયો હતો. દુકાળથી પીડિત એવી જૈન પ્રજા પોતાના ધાર્મિક કર્ત્તવ્યમાં શિથિલ થઈ પડી હતી. દુકાળને અંગે બીજા અનેક જાતના અંતરાયો ઉભા થવાથી કેટલાક જૈન આગમોની ટીકાઓનો વિચ્છેદ થઈ ગયો હતો. આવા બારીક સમયમાં મહાનુભાવ અભયદેવ સૂરિ ઘણા ચિંતાતુર થયા હતા. તે મહાત્મા તે સમયે જૈન પ્રજાના ધાર્મિક જીવનની રક્ષા કરવાના અનેક ઉપાયો યોજતા હતા, પરંતુ તે સમયના વિપરીત યોગથી તેમના ઉપાયો ચાલી શકતા નહીં. એક સમયે તે મહાત્મા મધ્યરાત્રે આ પ્રમાણે ચિંતા કરવા લાગ્યા.—“ અરે ! શાસન દેવતા, આ સમયે આવી જૈન પ્રજાના ધર્મની રક્ષા કરો. દુષ્કાળ વગેરે ઉપદ્રવોથી તે દુ:ખી થાય છે, તેમના હૃદયની ઉચ્ચ ભાવનાઓ તુટી જાય છે, સદાચારી મનુષ્યોની સંખ્યા ઓછી થતી જાય છે, પ્રજાનો મોટો ભાગ અનર્થના ખાડામાં પછડાઇ પડે છે માટે હે શાસનદેવ, આવા સમયમાં જૈન પ્રજાની રક્ષા કરો. જો આ કાળે ઉપેક્ષા કરવામાં આવશે તો શાસનની અવનતિ થઇ જશે. જ્યારે અમો મુનિઓ વિદ્યમાન છતાં શાસનને મોટી હાનિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય તો પછી અમારૂં જીવન શા કામનું છે ? અમારા મુનિઓ આર્હત પ્રજાના ધર્મજીવનને માટે સદા તત્પર રહે, અમારી સાધ્વીઓ પોતાના કર્ત્તવ્યને બજાવી ધર્મજીવનનું પાલન કરે, અમારા શ્રાવકો પોતાના ગૃહસ્થ ધર્મને પાળી વીતરાગના ધર્મને સહાય કરનારા થાય અને અમારી શ્રાવિકાઓ તેમના સ્ત્રી કર્ત્તવ્યની સંભાળ રાખી તેમના ગૃહધર્મને સુશોભિત કરે. અમારી આ ભાવના સિદ્ધ કરવાને શાસનદેવતા જાગ્રત થાઓ."

આ પ્રમાણે ચિંતવતાં મહાત્મા અભયદેવ સૂરિ ધ્યાનમગ્ન થઇ ગયા હતા. જ્યારે તેઓ ધ્યાનમાં લીન થયા, ત્યારે તેમની એ પવિત્ર ભાવનાના બળથી શાસનદેવી તેજ સ્થળે પ્રગટ થયા અને તે શાસન માતા આ પ્રમાણે બોલ્યા--"આચાર્ય, તમારી ઉચ્ચ ભાવના જાણી હું પ્રસન્ન થઇ છું. મહાશય, તમારી આ ભાવના સફલ થશે. પરંતુ એક ખાસ સૂચના આપવાની કે, તમારા પૂર્વના આચાર્યોએ એકાદશ અંગની ટીકાઓ રચી હતી તે કાળના દૂષણથી વિચ્છિન્ન થઇ ગઇ છે. માત્ર બેજ અંગોની ટીકા બાકી રહી છે. તો હવે તમે તે ટીકાઓ રચી ભારતવર્ષના જૈન સંઘ ઉપર કૃપા કરો. તમારા હૃદયમાં જૈન સંઘની કલ્યાણ ભાવના ઘણી છે, અને તેની તરફ ભારે લાગણી છે." શાસનદેવીના આ શબ્દો સાંભળી પ્રસન્ન થયેલા મહાનુભાવ અભયદેવ સૂરિએ આ પ્રમાણે કહ્યું હતું. "શાસનેશ્વરી, હું અલ્પબુદ્ધિવાળો એવું ગહન કાર્ય કરવાને શી રીતે સમર્થ થાઉં ? કારણ કે, જો કદાચ મારાથી ઉત્સૂત્રતા થઇ જાય તો મારે આપત્તિના મહાસાગરમાં મગ્ન થવું પડે. તે છતાં આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું, એ પણ યુક્ત નથી." શાસનદેવીએ કહ્યું—"સૂરિવર, આપને સમર્થ જાણીનેજ મેં આ કાર્યની સૂચના કરેલી છે. તમે ખુશીથી તે કાર્યનો આરંભ કરો. તમારાથી ઉત્સૂત્ર થશે નહીં. કદી કોઇ સ્થળે તમને શંકા રહેશે તો હું શ્રી સીમંધર સ્વામીને પુછી તમારી શંકાનું નિવારણ કરીશ. અને જ્યારે તમે મારૂં સ્મરણ કરશો, ત્યારે હું તમારી સમક્ષ હાજર થઇશ." શાસન દેવતાના આ વચનો ઉપરથી મહાનુભાવ અભયદેવ સૂરિએ આંબિલનો તપ આદરી તે કાર્યનો આરંભ કર્યો હતો; જેમાં તે મહાનુભાવ અંતે વિજયી થયા હતા."

મહાનુભાવ અભયદેવ સૂરિનો આ પ્રસંગ કેવો શિક્ષણીય છે ? પોતાની આશ્રિત જૈન પ્રજાની અને શાસનની અવનતિ થતી જોઇ તેમના હૃદયમાં કેવો ખેદ થયો હતો ? આ ઉપરથી વર્ત્તમાનકાળની જૈન પ્રજાએ ઉંચી જાતનું શિક્ષણ લેવાનું છે, પૂર્વના તે મહાત્મા મુનિઓની એ વૃત્તિને અલ્પ અંશે પણ અનુસરવાની ભાવના કરવામાં આવશે, તો જે આજે અંદર અંદર જુદો ભાવ ક્વચિત્ દેખાતો હશે તેનો તદન અભાવ થઇ જશે. શુદ્ધ આચરણ, મનોવૃત્તિની નિર્મળતા, કષાયોનો ત્યાગ અને અબોધ વર્ગને ઉપદેશ આપવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સતત ઉદ્યોગ–એ ગુણોનો કેટલાક જૈન મુનિઓમાંથી કેટલાક અંશે જયારે વિયોગ થયેલો દેખાય છે; શાસનદેવોની કૃપાથી ઉપરોક્ત ગુણોનો સર્વ મહાત્માઓમાં સંયોગ થાય એમ પ્રાર્થના કરીયે છીયે.

જેમને શાસનના રક્ષણ માટે પુરેપુરી ઇચ્છા હોય, અને અધ્યાત્મ ભાવની અપેક્ષા હોય તેમના પ્રત્યેક કર્મમાં પછી તે કાયિક હો, વાચિક હો કે માનસિક હો -પણ તેમાં પુરેપુરી પવિત્રતા ભરેલી હોવી જોઇએ. મહાનુભાવ અભયદેવસૂરિમાં જે કાંઇ દેખાયું હતું, તે તેજ હતું. તે મહાત્મા જે કાંઇ મેલવી શકયા હતા, તે તેમની પવિત્ર ભાવનાનો પ્રભાવ હતો. તેમના ઇતિહાસમાંથી તે શિક્ષણ લેવાનું છે. ઉત્તમ ભાવના એ કલ્પલતા છે. તેમાંથી જે જોઇએ તે સર્વ પ્રાપ્ત થઇ શકે છે, એવો નિયમ છે અને તે અનાદિકાલથી ચાલતો આવ્યો છે. આપણે જે વસ્તુમાં પોતાના શુદ્ધ અંતઃકરણની લીનતા કરી નાંખીએ, તેના વિના બીજી વસ્તુ આપણને પ્રાપ્ત થવી શકય નથી, ખરી શુદ્ધ ભાવના ઉપકૃત થવી, એ મહા કઠિન કર્મ છે. સંપ્રતિ કાલ તો સર્વને પતન કરતો જાય છે, પરંતુ તેમાંથી બચવાને માટે મુમુક્ષુએ સર્વદા પ્રયત્ન કરવાની જરૂર છે.

જેમના ચારિત્રનો અને જ્ઞાનનો પ્રભાવ સૂર્યના કિરણો સમાન દેદીપ્યમાન હોય છે, તેવા શ્રેષ્ઠ જૈન ગુરૂઓ તો શાસન ઉન્નતિ માટે બદ્ધ પરિકર થવાની આવશ્યકતા છે. તેમણે મહાત્મા અભયદેવ સૂરિની જેમ તેવી દરકાર રાખવાને માટે સર્વથા સાવધાની રાખવી જોઇએ.

જયાં સુધી આવા ઐતિહાસિક દાખલાઓનું ખરેખરી રીતે મનન કરવામાં નહીં આવે, ત્યાં સુધી ખરેખરૂં શિક્ષણ પ્રાપ્ત થઇ શકે નહિં. તેથી આવા પ્રાચીન મહાત્માઓના જીવન વૃત્તાંત મનન પૂર્વક વાંચી તેમાંથી શિક્ષણ પ્રાપ્ત કરી જૈન ધર્મની ઉન્નતિ કરવા સર્વ પ્રયત્નવાન થાય એવી પરમાત્માની પ્રાર્થના સાથે આ વિષય પૂર્ણ કરૂંછું.

# ધર્મરત્ન યોગ્ય કોણ હોઇ શકે ?

( ગતાંક પૃષ્ટ ૨૪૭ થી શરૂ. )

હવે બીજા ગુણમાં **પ્રશસ્ત રૂપવાળો** એમ કહેલ છે. સંપૂર્ણ અંગોપાંગ વાળો પાંચ ઇંદ્રિયોવડે સુંદર અને સારા સંઘયણવાળો જે હોય તે રૂપવાન કહેવાય છે. તેવો પુરૂષ ધર્મને દીપાવી શકે છે. તેમજ ધર્મ પાળવામાં સમર્થ હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. મસ્તક છાતી, ઉદર, પીઠ, બે હાથ અને બે સાથળ એ આઠ અંગો અને આંગળીઓ વિગેરે ઉપાંગ અને બાકીના અંગોપાંગ કહેવાય છે. પાંચે ઇંદ્રિયો સુંદર, સારૂં સંઘયણ એટલે કે પ્રથમજ સંઘયણ હોવું જોઇએ તેવો નિયમ નથી. ભાવાર્થ એ છે કે તપ અને ચારિત્રની ક્રિયા કરી શકાય તેવા સામર્થ્ય સહિત હોવો જોઇએ. આવા મનુષ્યને ધર્મની પ્રાપ્તિ થઇ શકે છે. અને તેવા પુરૂષો જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં જૈનધર્મની અત્યંત ઉન્નતિ થાય છે. આવું રૂપ પામવું તે પૂર્વે આચરેલ વ્રત નિયમનું ફળ છે, તેથીજ શાસ્ત્રકાર તેવા સુંદર રૂપની પ્રશંસા કરે છે અને આવા પુરૂષો સદાચારમાં પ્રવર્તન કરવાથી ભવ્ય પ્રાણીઓને ધર્મને વિષે ગૌરવ ઉત્પન્ન થતાં ધર્મની પ્રભાવના કરે છે તેઓ આવા ગુણ માટે ધર્મરત્નને યોગ્ય છે.

ત્રીજો ગુણ સ્વભાવેજ સૌમ્ય પ્રકૃતિવાળો હોય તે ( પ્રાયે પાપકર્મમાં પ્રવર્ત્તતો નથી. તેથી તે સુખે કરીને સેવવા લાયક થાય છે. અકૃત્રિમપણાએ કરીને ભયંકર આકૃતિ રહિત ( વિશ્વાસ કરી શકાય તેવા રૂપવાળો ) ગાળો દેવી વધ કરવો, ચોરી વગેરે પાપ કર્મમાં વ્યાપાર કરતો નથી તે આવી રીતે સૌમ્યપ્રકૃતિવાળો પ્રાણી પોતાના અને પરકા ઉપકાર માટે થયો હોય છે. અને તેથી તેજ ધર્મ રત્નને યોગ્ય છે.

ચોથો ગુણ લોકપ્રિય—પરની નિંદા વગેરે કરવી તેમજ વિશેષે કરીને ગુણીજનની નિંદા કરવી, સરલતાથી ધર્મ કરનારની હાંસી કરવી, લોકમાં પૂજ્ય ગણાતા હોય તેનું અપમાન કરવું, ઘણા મનુષ્યો સાથે વિરોધ કરનારનો સંગ કરવો. દેશાદિક આચારનું ઉલ્લંઘન કરવું, ઉદ્ધત વેષ રાખવો, બીજાઓ જાણે તેમ કીર્તિ માટે પ્રગટ રીતે દાન કરવું, સત્પુરૂષોને કષ્ટ પડે તે જોઇ આનંદ પામવો, તથા છતી શક્તિ છતાં સત્પુરૂષોના દુઃખનો ઉપાય ન કરવો આ વગેરે કાર્યો લોક વિરૂદ્ધ છે; તેમજ રાજ્ય, ખેતરોનું સ્વામીપણું, જકાત ઉઘરાવવાનું કામ આ ખર કર્મ. આવા પ્રકારનું કાર્ય વિરતિ ન હોય તો પણ ડાહ્યા પુરૂષે કરવું નહીં ! તે પરલોક વિરૂદ્ધ કાર્યો છે તેમજ સાત વ્યસનોએ બંને વિરૂદ્ધ કાર્ય છે અને તે કરનાર મરણ પામી દુર્ગતિમાં જાય છે. આવા કાર્યોનો ત્યાગ કરનાર પુરૂષ ઉત્તમ પુરૂષોને પ્રિય અને ધર્મનો અધિકારી થાય છે. સુપાત્રાદિકને દાન આપવું, વિનય, સદાચારમાં પ્રવૃત્તિ વગેરેથી જે પરિપૂર્ણ હોય તેજ લોકપ્રિય થાય છે અને તેજ ધર્મરત્નને યોગ્ય છે.

હવે પાંચમો અક્રૂર નામનો ગુણ છે. આવો મનુષ્ય કિલષ્ટ પરિણામવાળો હોઇ કલંક રહિત ( શુદ્ધ ) ધર્મનું આરાધન કરી શકતો નથી. કારણકે તેવો માણસ પરના છિદ્ર જોવામાં લંપટ અને મલિન મનવાળો હોવાથી, ધર્મનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુષ્ઠાન કરતાં છતાં પણ ધર્મના ફળનો ભાગી થતો નથી. કિલષ્ટ પરિણામવાળાને તપ, શ્રુત, કે દેવ પૂજા વિગેરે કાંઇ પણ રક્ષણ કરતું નથી. જેથી અક્રૂર મનુષ્ય લઘુકર્મી હોવાથી ધર્મરત્નને યોગ્ય હોય છે.

પાપભીરૂ માણસ આ લોક અને પરલોકના ભય ( રાજાનો દંડ વગેરે આ લોકનો ભય અને નરક ગતિમાં જવું વગેરે પરલોકનો ભય) તેનો મનમાં વિચાર કરે છે, અપયશના કલંકથી બીએ છે, જેથી તે પાપભીરૂ હોવાથી પાપમાં પ્રવર્ત્તતો નથી. અનુરાગ અને એકાંત વડે પ્રેરીત એવો ઇંદ્રિયોનો સમૂહ ચપળ છતાં, જે વિદ્વાન મનુષ્યો યુક્તાયુક્તનો વિચાર કરે છે તેઓને ધન્ય છે. તેવો પુરૂષ વધ, મારણ, અભ્યાખ્યાન, અને પરધન વિનાશ કરવો વગેરે પાપકર્મ કે જે એકવાર કરવાથી પણ તેનો સર્વથી જઘન્ય ઉદય દશ ગુણો થાય છે, આવાં આવાં શાસ્ત્રોના વચનો દૃષ્ટાંત પૂર્વક સાંભળી દુર્ગતિના તેવા હેતુઓનો અત્યંત ત્યાગ કરે છે જેથી તે છઠ્ઠા પાપભીરૂ ગુણવાળો હોઇ ધર્મરત્નનો અધિકારી થઇ શકે છે.

સાતમો ગુણ અશઠપણું—માયારહિત મનુષ્ય તે અન્યને છેતરતો નથી જેથી તે વિશ્વાસ કરવા લાયક એટલે પ્રતીતિનું સ્થાન થાય છે. માયાવી પુરૂષ—કપટ કરવાના સ્વભાવવાળો પુરૂષ જો કે કાંઇ પણ અપરાધ કરતો નથી છતાં તે પોતાના દોષથી હણાયેલો હોવાથી અવિશ્વાસને લાયક થાય છે. જેવું ચિત્ત, તેવી વાણી, જેવી વાણી તેવીજ ક્રિયા આ ત્રણેમાં જેઓને વિપરિતપણું ન હોય તે પુરૂષોને ધન્ય છે. સર્વ લોક સ્વાર્થમાં પ્રવર્ત્તેલ હોવાથી તેવા પ્રકારનો પુરૂષ અતિ દુર્લભ છે કારણ કે ઘણા લોકોને ચમત્કાર પમાડે તેવા મનુષ્યો દુનીયામાં ઘણા છે; પરંતુ જેઓ પોતાના ચિત્તને રંજન કરે તેવા તો પૃથ્વી પર પાંચ છજ હોય છે આવો પુરૂષ ધર્મરત્નને લાયક છે. ( ચાલુ )

# સંસારી યોગિઓ.

એક બનારસના પ્રખ્યાત વિદ્વાને એક જૈન ગૃહસ્થને સંસારી યોગિઓના લક્ષણો બતાવ્યા છે, તે સર્વ જૈન સમાજને ઉપયોગી લાગવાથી આ સ્થળે આપવામાં આવે છે. આ બનારસના પ્રખ્યાત વિદ્વાન્ જૈન યશોવિજય પાઠશાળામાં નિયુક્ત હતા, ત્યારે મુનિઓના અભ્યાસને માટે તેણે જૈન ગ્રંથોનું સારૂં અવલોકન કરેલું હતું. પોતે જ્ઞાતિએ બ્રાહ્મણ અને વેદધર્મને માનનારા છે, છતાં જૈન દર્શનના અભ્યાસથી પ્રસન્ન થઇને તેમણે નિર્ણય કર્યો છે કે, વિરાગી યોગિઓ થવાને માટે તો અન્ય દર્શનોના સિદ્ધાંતો ઉપયોગી છે, પણ સંસારી યોગિઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવાને માટે તો માત્ર જૈનદર્શનજ ઉપયોગી થઇ શકે છે. સંસાર–ગૃહાવાસમાં રહીને યોગીના જેવી વૃત્તિ રાખી શકાય તેવા સાધનો જૈનધર્મની ભાવનામાં ભરપૂર છે. જૈનધર્મમાં જ્ઞાન, દર્શન, અને ચારિત્રની ત્રિપુટીની યોજનામાં જે રહસ્ય અને અદ્‌ભૂત ભાવના રહેલી છે, તેવી અલ્પ અંશે પણ કોઈ અન્ય દર્શનમાં યોજનામાં આવી નથી. વેદાંત માર્ગના ઉપદેશો નિવૃત્તિ માર્ગના સ્વરૂપને પ્રતિપાદન કરવામાં એટલા બધા વિસ્તારથી પ્રરૂપિત કર્યા છે, છતાં પણ તેઓ જ્ઞાન, દર્શન અને ચારિત્રની ભાવનાની ત્રિપુટીના જેવું સામર્થ્ય બતાવી શકયા નથી; એમ મારે કહેવું જોઈએ. ઉપર કહેલી ત્રિપુટીને અનુસરી પ્રથમ ગૃહધર્મને અનુસરનારા ખરેખર સંસારી યોગિઓ બની શકે છે. વેદાંતમાં જ્યારે એક જનક વિદેહીનું દૃષ્ટાંત આપ્યું છે, ત્યારે જૈન દર્શનમાં તેવા હજારો જનક વિદેહી થઇ શકયા છે અને થઇ શકે છે.

વેદાંત મતમાં જે ભાવના પૂર્ણ વૈરાગ્યના યોગથીજ સાધી શકાય છે, તે ભાવના જૈન મતનો એક સંસારી આત્મા સુગમતાથી સાધી શકે છે, તે સંસારી યોગી કેમ ન કહેવાય ? જૈન સંસારી યોગી સર્વ વિનાશના બીજ રૂપ સંશયને દૂર કરી શકે છે, તે સંશયનું બીજ ઉત્પન્ન ન થવા પામે તેને માટે શંકા, કંખા દોષનો મહા ત્યાગી થઈ જૈન સંસારી યોગી જ્ઞાન અને શ્રદ્ધાને પુષ્ટ બનાવે, તેવા સાધનો મેળવતો જાય છે. જૈન સંસારી યોગીની બુદ્ધિનો વ્યાપાર એટલો બધો પ્રબળ હોય છે કે જેથી તે જૈન–આગમના સિદ્ધાંતો સાંભળી અને મનમાં ઠસાવી તેના ઉપર વિચાર કરી શંકાના સમાધાનથી નિશ્ચય ઉપર આવી શકે છે.

કેટલાએક જૈન સંસારી યોગિઓ જ્ઞાનના સામાન્ય બળને મેળવી શકયા હોય અને તેમનામાં બુદ્ધિના વ્યાપાર વગરની અંધશ્રદ્ધા હોય, તોપણ હૃદય માત્રથી કરેલી સ્વાત્માર્પણમય દ્રવ્ય અને ભાવ પૂજા પણ તેમની વૃત્તિને શ્રદ્ધાના પ્રવાહમાં સ્થિર કરવાને પરમ સહાયરૂપ બને છે. તેમની તે અંધશ્રદ્ધા પણ પરંપરાએ ઉપયોગવતી થઇ આવે છે. જૈન મતની ભાવનાની રચના એવી અદ્‌ભુત અને ઉચ્ચતાથી કરવામાં આવી છે કે તેના અનુયાયીઓના હૃદયમાં આદેશકારિત્વ વૃદ્ધમાન, અને ભક્તિભાવ વગેરે વિનયના પોષક લક્ષણો પ્રગટે છે, પછી તે ઉત્તરોત્તર વધતા જાય છે અને તેનાથી ઉદ્ધતાઇ, અહંતા અને ધૃષ્ટતા વગેરે દોષો દૂર થઇ જાય છે. જૈન ધર્મમાં સમ્યકત્વ અથવા બોધિબીજના સ્વરૂપમાં જે રહસ્ય મુકવામાં આવ્યું છે, તેવું રહસ્ય આજસુધી કોઈપણ દર્શન મેળવી શકયું નથી. ખરૂં આર્યત્વ, ખરૂં શ્રેષ્ઠત્વ અને ખરી આસ્તતા માત્ર એક સમ્યકત્વના યોગથી પ્રાપ્ત કરી શકાય છે. વેદાંતના શમ, દમ, ઉપરમ, તિતિક્ષા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને શ્રદ્ધા—એ પાંચ અંગો કે જેને માટે તે મતના આચાર્યોએ બુદ્ધિનો વ્યય કરી તેમની કષ્ટ સાધ્યતા સિદ્ધ કરવા ભારે પ્રયત્ન કરેલો છે, તે પાંચ અંગો જૈન સંસારી યોગીઓ એકલા સમ્યકત્વની સાથે મેળવી શકે છે.

વેદાંત, દર્શન, વિવેક, વિરાગ અને શમાદિ ષટ સંપત્તિથી આત્માનુભવ આવવાનો ક્રમ દર્શાવી તેની અંદર અનેક જાતની અશકયતા જણાવે છે, ત્યારે જૈન મતનો ઉપાસક જૈન સંસારી યોગી, ચૌદ ગુણસ્થાનના આરોહણના ક્રમનો માર્ગ મેળવવાને માત્ર સમ્યકત્વના બળનો શુદ્ધોપાસક બની ઉત્તરોત્તર વિશેષ અધિકારી બની શકે છે.

જે ક્ષુદ્રભાવથી વ્યવહારી પામરો જ્યાં ને ત્યાં પોતાની બુદ્ધિ અને શક્તિથી સર્વવાતનું માપ કરવા તત્પર થાય છે, એવી કુટેવો અન્યદર્શનીઓના ત્યાગીઓમાં પણ દેખાય છે, પરંતુ જૈન સંસારી યોગીની મનોવૃત્તિમાં તેવી કુટેવ કદિ પણ ઉત્પન્ન થતી નથી. આ સંસારની અનર્થકારણી યાત્રામાં તે પ્રયાણ કરે છે અને વ્યવહારના અશુદ્ધ તત્વોની સાથે પણ તેને યોગ થઇ આવે છે, છતાં પણ તે સમ્યકત્વરૂપ ચમત્કારી પદાર્થના હૃદયસ્પર્શથી તે પોતાનું યોગિત્વ સારી રીતે જાળવી શકે છે અને પોતાના આત્માનું રક્ષણ કરી આ સંસારની કલેશ પરંપરાની જાળમાંથી મુક્ત થઇ શકે છે.

સમ્યકત્વ અને જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ત્રિપુટીના સ્વરૂપને જાણનારો જૈન સંસારી યોગી આ સંસારને નિર્મૂલ કરવાના હેતુથી, હૃદયની શુદ્ધ ભાવનાના પાઠ ભણી વિક્ષેપને વિસ્તારનારી વૃત્તિના માર્ગનો અવરોધ કરી, દયાતત્વના અને જ્ઞાનતત્વના પરમ રહસ્યને સમજી, અનુક્રમે ઉચ્ચસ્થાનમાં આરૂઢ થઇ છેવટે મોક્ષમાર્ગનું દર્શન કરી શકે છે. આ સંસારના અથવા આલોક તથા પરલોકના જે જે યોગ્ય વિષયો કે જે અહંતા અને મમતાના આલંબન રૂપ છે, તેમની નિઃસારતા સંપૂર્ણ રીતે સમજવાથી તે યોગી પોતાની ધારેલી ધારણામાં કદિપણ નિષ્ફળ થતો નથી. તેના દૃઢ અને તીવ્ર મનોનિગ્રહની સામે કષાયના વિકારો ક્ષણવાર પણ ટકી શકતા નથી, તેવા જૈન સંસારી યોગિઓએ જૈનધર્મની મહત્તા, દિવ્ય પ્રભાવ અને આર્યાવર્ત્તમાં તે ધર્મની પૂર્ણ ઉપયોગિતા સિદ્ધ કરી આપી છે. તે મહાન્ પ્રભાવિક ભવી આત્માઓને જેટલું અભિનંદન આપીએ તેટલું થોડું છે. તેઓ પૂર્ણ રીતે ધન્યવાદને પાત્ર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## શહેર બીનોલી જીલ્લા મેરઠમાં પ્રતિષ્ઠા તથા અંજનશલાકા મહોત્સવ.

બીનોલી શહેરમાં આચાર્ય શ્રીમદ્‌વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ બિરાજમાન છે. ગઇ જેઠ શુદ ૬ના રોજ લાલા મુસદ્દીલાલ અને શ્રીચંદજીએ બનાવેલ નવીન જિનમંદિરમાં શુભ લગ્ને શ્રી શાંતિનાથ પ્રભુને બિરાજમાન કરવામાં આવેલ છે, સાથે નૂતન જિન બિંબોની અંજન શલાકા પણ ઉક્ત આચાર્ય મહારાજના પવિત્ર હસ્તે કરવામાં આવેલ છે. તે વખતે તે દેશના તેમજ અન્ય સ્થળેથી ઘણા જૈન બંધુઓ આ લાભ લેવા આવ્યા હતા. અઠ્ઠાઇ મહોત્સવ, મહાસ્નાત્ર અને સ્વામીવાત્સલ્યો વગેરે પણ અનેક ધાર્મિક કાર્યો થયા છે. અંજનશલાકા ત્યાં પ્રથમ થયેલ હોવાથી જૈનબંધુઓમાં અપૂર્વ ઉત્સાહ હતો. જેઠ શુદ ૮ ના રોજ સ્વર્ગવાસી પ્રાતઃસ્મરણીય મહાત્મા શ્રી વિજયાનંદસૂરીશ્વર આત્મારામજી મહારાજની જયંતી પણ બહુજ ભકિતપૂર્વક ઉજવવામાં આવી હતી.

## શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરનો ૩૦મો વાર્ષિક મહોત્સવ અને ગુરૂજયંતી.

આ સભાને ત્રીશમું વર્ષ પુરૂં થઇ જેઠ શુદ ૭ ના રોજ એકત્રીશમું વર્ષ બેસતું હોવાથી દર વર્ષ મુજબના કાર્યક્રમ અને ધોરણ અનુસાર નીચે મુજબ ધાર્મિક કાર્યો થયા હતા.

૧ જેઠ શુદ ૭ ગુરૂવારના રોજ આ સભાના મકાન (આત્માનંદભવન) ને ધ્વજા તોરણ વગેરેથી શણગારી સવારના આઠ વાગે પ્રથમ પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદસૂરી (આત્મારામજી) મહારાજની છબી પધરાવી સભાસદોએ પૂજન કર્યું હતું. ત્યારબાદ—

૨ સભા મકાનમાં પ્રભુ પધરાવી આચાર્ય શ્રીમદ્‌વિજયવલ્લભસૂરિ મહારાજ કૃત શ્રી પંચ પરમેષ્ઠીની પૂજા ભણાવવામાં આવી હતી. ચતુર્વિધ સંઘે તેમાં ભાગ લીધો હતો.

૩ બપોરના એક વાગે આ સભાના સ્વર્ગવાસી પેટ્રન વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ તરફથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

૪ બપોરના અઢી વાગે દરવર્ષ મુજબ પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વર (આત્મારામજી) મહારાજની જયંતી બીજે દિવસે જેઠ શુદ ૮ ના રોજ ઉજવવાની હોઇ (દર વર્ષે શ્રી સિદ્ધક્ષેત્રે ઉજવવાનો ધારો છે પરંતુ સકારણ હાલ બંધ હોઇ) શ્રી તાલધ્વજગિરિ [ તળાજા તીર્થે ] જયંતી ઉજવવા માટે રેલવેમાં શુમારે સાઠ સભાસદ બંધુઓ ગયા હતા. જ્યાં—

૫ જેઠ શુદ ૮ના રોજ ડુંગર ઉપર નવીન શ્રી પાર્શ્વનાથ પ્રભુના મંદિરમાં આચાર્ય શ્રી વિજયવલ્લભસુરિકૃત શ્રી પંચતીર્થની પુજા બહુજ આનંદ અને ઉત્સાહપૂર્વક ભણાવવામાં આવી હતી. અને સાંજના પાંચ વાગે ધર્મશાળામાં સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. આ બંને માંગલ્યકારી ગુરૂભકિતના કાર્યો આ સભાના માનવંતા સ્વર્ગવાસી સભાસદ બંધુ શેઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોતીચંદ હેમરાજ ઝવેરી જામનગર નિવાસીની કાયમના માટેની બતાવેલ ઉદારતાથી [તેમની સહાયવડે] થયા હતા એ રીતે વાર્ષિક મહોત્સવ તેમજ ગુરૂભક્તિ કરવામાં આવી હતી.

## મુંબઇમાં મુનિ મહારાજાઓનું આવાગમન.

પ્રાતઃસ્મરણીય શ્રીમદ્ મૂળચંદજી મહારાજના સમુદાયના મુનિરાજ શ્રી ચારિત્રવિજયજી મહારાજ ( કચ્છી ) કે જેમણે શ્રી યશોવિજયજી જૈનગુરૂકુળ પાલીતાણા એ સંસ્થાને ભૂત પૂર્વે જન્મ આપ્યો હતો; તેઓશ્રીના વિદ્વાન શિષ્યો મુનિરાજશ્રી **દર્શનવિજયજી**, મુનિશ્રી **જ્ઞાનવિજયજી**, મુનિશ્રી **ન્યાયવિજયજી** એ ત્રણે મહાત્માઓએ લઘુ વયમાંજ ન્યાય, વ્યાકરણ, જૈન ઇતિહાસ વગેરે સાહિત્યનો સારો અભ્યાસ કરેલો છે. વળી તેઓ ક્રિયાપાત્ર, સરલ, શાંતસ્વભાવી અને જૈન સિદ્ધાંતના પણ અભ્યાસી છે. તેઓશ્રી મુંબઇ શ્રી સંઘની વતી શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયના ટ્રસ્ટીઓની વિનંતિથી ચાતુર્માસ કરવા તેમજ તેઓશ્રીના જ્ઞાન અને ઉપદેશનો લાભ મુંબઇની જૈન પ્રજાને આપવા જેઠ શુદ ૧૦ ના રોજ શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયે પધાર્યા છે.

મુંબઇની જૈનપ્રજાએ સામૈયું ઉત્સાહપૂર્વક કરી ગુરૂભક્તિ પણ સારી રીતે કરી છે. હવે એ ત્રણે મુનિ મહારાજાઓનું ચાતુર્માસ પણ મુંબઇમાં થશે. આ મુનિ મહારાજાઓ પોતાની વિદ્વતા-જ્ઞાન ઉપદેશનો લાભ મુંબઇની જૈનસમાજને આપશે સાથે તેઓશ્રીની ગુરૂ મહારાજે સ્થાપેલી ઉપરોકત સંસ્થામાંજ અભ્યાસ કરી ચારિત્ર રત્ન પ્રાપ્ત કરેલ હોવાથી, શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ પાલીતાણાની ઉછરતી અને ઉન્નતિ પામતી સંસ્થાને પણ ઉપદેશ દ્વારા વધારે આબાદ કરવા માટે પોતાની કૃપા દરશાવવી નહીં જ ભૂલે એમ ખાત્રી છે. તેવીજ રીતે આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી **વિશુદ્ધવિજયજી** તથા **મુનિરાજ શ્રી વિચક્ષણવિજયજી** મહારાજ શ્રી સંઘની વિનંતિથી પણ જેઠ શુદ ૩ ના રોજ લાલબાગ દેરાસરજીમાં પધારેલ છે. ચાતુર્માસ પણ ત્યાં થશે.

## ભાવનગરમાં ચાતુર્માસ.

સદ્ગત પ્રાતઃસ્મરણીય શ્રી વિજયકમળ સૂરીશ્વરના વિદ્વાન શિષ્ય પંન્યાસજી મહારાજ **શ્રી કેશરવિજયજી** મહારાજ તથા પંન્યાસજી મહારાજ **શ્રી દેવવિજયજી** તથા પં. **લાભવિજયજી** મહારાજ વગેરે દશ મુનિરાજો અત્રે પધાર્યા છે. દરરોજ સવારે આઠથી નવ એક કલાક પંન્યાસજી મહારાજ શ્રી કેશરવિજયજી મહારાજ વ્યાખ્યાન વાંચે છે. વ્યાખ્યાન શૈલી એટલી બધી સુંદર છે કે જેથી જૈન અને જૈનેતર ઘણી મોટી સંખ્યામાં વ્યાખ્યાનનો લાભ લે છે. ઉક્ત મહાત્માશ્રીને વિહાર કરવાની ઇચ્છા છતાં જૈન અને જૈનેતર અનેક મનુષ્યોની આગ્રહપૂર્વક વિનંતિ અત્રે ચાતુર્માસ કરાવી ઉપદેશનો લાભ લેવાની ઉત્કટ ઇચ્છા છે, જેથી ચાતુર્માસ અત્રે જ થવાનું નક્કી થયું છે.

૨ સદ્ગુણાનુરાગી મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ અત્રે પધારતાં તેઓશ્રીને વિનંતિ કરતાં ઉક્ત મહાત્માનું પણ ચાતુર્માસ અત્રે નક્કી થયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથાવલોકન અને સાભાર સ્વિકાર.

ધર્મદીપિકા ( વ્યાકરણમ્ ) આ વ્યાકરણનો ગ્રંથ ન્યાયવિશારદ ન્યાયતીર્થ ઉપાધ્યાયજી **શ્રી મંગળવિજયજી મહારાજે** રચ્યો છે. વ્યાકરણ જેવા શિક્ષણના ગ્રંથો રચવા તે સંસ્કૃત-પ્રાકૃત ભાષાના સંપૂર્ણ જ્ઞાન અને વિદ્વતા વગર બની શકતું નથી. જૈન અને જૈનેતર અનેક વિદ્વાનોના તરફથી વ્યાકરણના અનેક ગ્રંથો પ્રકટ થયેલાં છે અને અત્યાર સુધી પાઠશાળાઓમાં પણ તે ચાલે છે; પરંતુ આ ધર્મદીપિકા નામના વ્યાકરણની ગ્રંથશૈલી સરલ, ઉચિત અને સુગમ પદ્ધતિથી રચાયેલ હોવાથી સંસ્કૃત ભાષાના પ્રથમ અભ્યાસીઓના પઠન પાઠન માટે ઘણોજ ઉપયોગી અને આવકાર દાયક છે. આ ગ્રંથના પૂર્વાર્ધમાં પંચસંધિ છ લિંગ, યુષ્મદસ્મત્ પ્રક્રિયા, અવ્યય પ્રકરણ, સ્ત્રી પ્રત્યય: કારકાણિ, સમાસ વગેરેનો સમાવેશ કરવામાં આવેલો છે જ્યારે ઉતરાર્ધમાં દશ ગણ, ૧૭૦૦ ધાતુઓ, દશ પ્રક્રિયા, પૂર્વ ઉત્તર કૃદન્તો વગેરે અનેક ઉપયોગી વિષયોનો સમાવેશ કરવામાં આવેલ છે. પૂર્વાર્ધમાં ૨૪૦ તેમજ ઉતરાર્ધમાં ૫૦૦ પૃષ્ટોમાં આ ગ્રંથ પૂર્ણ કરવામાં આવેલ છે. આ વ્યાકરણના ગ્રંથમાં આચાર્ય શ્રી વિજયધર્મ સૂરિ મહારાજની છબી આપી ગ્રંથકર્ત્તા મહાત્માએ ગુરૂભકિત પણ દરશાવી છે. કિંમત રૂા. ૪-૦-૦ પ્રકટ કર્તા શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા—ભાવનગર.

નીચેના ગ્રંથો સાભાર સ્વીકારવામાં આવે છે.

૨ **સીતા સમાચાર**—પ્રકાશક શ્રી આત્માનંદ જૈન ટ્રેકટ સોસાઇટી અંબાલા તરફથી.

૩ દાનપ્રકાશ }
૪ મૃગાંક ચરિત્ર } મુનિ શ્રી ધર્મવિજયજી લાઇબ્રેરી મહુવા. ચાર આનાની ટીકીટ મોકલનારને ભેટ મળે છે.

૫ મહાન્ સંપ્રાત—શેઠ પુનમચંદજી કરમચંદજી કોટાવાળા. પાટણ.

# ખેદજનક મરણ.

વડોદરા નિવાસી જાણીતા જૈન નરરત્ન **વૈદ બાલુભાઇ મુળજીભાઇ** શુમારે દશ બાર દિવસની ટુંક માંદગી ભોગવી વૈશાખ વદી ૫ ના રોજ સમાધિ પૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લી ઘડી સુધી વ્રત, પચ્ચખાણ અને નિયમનું પાલન તેઓએ કર્યું હતું. વૈદકના ધંધામાં જેમ કુશળ હતા, તેમ દેવ, ગુરૂ અને ધર્મના ઉપાસક અને વ્યવહારમાં પ્રમાણિક અને વિનયી હતા. ધર્મના ધોરી અને શ્રદ્ધાવાળા હતા. જ્ઞાનમંદિરના મુખ્ય કાર્યવાહક હતા. દરમ્યાનમાં પોતાના પુત્રના લગ્ન પ્રસંગ હોઇ ઉદ્યાપન તીર્થરચના વગેરે ધાર્મિક મહોત્સવો વગેરે સાથે રાખેલ હોવાથી ઉદાર ભાવનાથી સારી રકમ ખરચી પોતાની ધાર્મિક ભાવના પણ બતાવી આપી હતી. ભવિતવ્યતા બળવાન છે ? તેમના સ્વર્ગવાસથી એક શ્રાવકરત્નની ખોટ પડી છે. તેઓ બહોળું કુટુંબ મુકી ગયા છે. અમે તેમના કુટુંબને દિલાસો આપવા સાથે તેમના આત્માને શાન્તિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શત્રુંજય તીર્થ કેસ.

તા. ૨૧-૬-૨૬ ના રોજ નક્કી થયેલ મુદતે શ્રી આબુ મુકામે ધી એજન્ટ ટુ ધી ગવર્નર જનરલની સમક્ષ આપણા તરફથી મી. ચીમનલાલ સેતલવડ અને શુકલ બેરીસ્ટરો અને પાલીતાણા ઠાકોર સાહેબ તરફથી મી. ભુલાભાઇ ટી. દેશાઇ એડવોકેટ વકીલો હાજર હતા. સાડા ત્રણ કલાક બંને પક્ષકારોના વકીલોએ રજુઆત કરી હતી. અનેક ગામોના પ્રતિનિધિ સાહેબોએ હાજરી આપી હતી. કેસ ફેંસલા ઉપર રહેલ છે. પરમાત્માને પ્રાર્થના છે કે જલદીથી શાંતિ થાય.

# જાહેર ખબર.

શ્રી ગંગાણી તીર્થમાં એક જૈનનું ઘર હતું, પણ તેઓ હાલમાં બીજે રહેવા ગયેલ છે. કેટલાક વખતથી અમારા નામથી જીર્ણોદ્ધાર કરાવવા સારૂ પૈસા ઉઘરાવવામાં આવે છે; પરંતુ તેનો વહીવટ બ્રાહ્મણ કરે છે અને હિસાબ માગતાં બતાવવામાં આવતો નથી. માટે હવેથી મજકુર ગંગાણી તીર્થના જીર્ણોદ્ધારની ટીપ કરવાં આવે તો કાંઇપણ રકમ કોઇએ આપવી નહિ.

લી૦ વકીલ કેશવલાલ પ્રેમચંદ-અમદાવાદ.

# શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર (ભાષાંતર).

## ભાગ ૧ લો તથા ભાગ ૨ જો.

(અનુવાદક:—આચાર્ય મહારાજ શ્રી અજીતસાગરજી.)

પ્રભુના કલ્યાણકો અને દેવોએ તે વખતે કરેલ અપૂર્વ ભક્તિનું વિસ્તારપૂર્વક વર્ણન શ્રીસુપાર્શ્વનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અનેક સ્થળે વિચરી ભવ્યજીવોને આપેલ ઉપદેશ, અનેક કથાઓ, શ્રાવક જનોને પાળવા લાયક વ્રતો અને તેના અતિચારો વિગેરેનું વર્ણન ઘણુંજ વિશાળ રીતે આપેલ છે. આ કથાના ગ્રંથોમાં બુદ્ધનો મહિમા-સ્વભાવનું વિવેચન, અદ્દભૂત તત્ત્વવાદનું વર્ણન, લૌકિક આચાર, વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પારસ્થિતિ, ધાર્મિક પ્રભાવ તથા નૈતિક જીવન વગેરે તત્ત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એકંદર આ ગ્રંથ માનવજીવનનો માર્ગદર્શક, જૈન દર્શનના આચારવિચારનું ભાન કરાવનાર એક પ્રબળ સાધનરૂપ છે.

ઉંચા રેશમી કપડાના પાકા બાઇન્ડીંગના એક હજાર પાનાના આ બે ગ્રંથની કિંમત રૂા. ૪-૮-૦ પોસ્ટ ખર્ચ જુદા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મનુષ્યની ખરી કિંમત.

" મનુષ્યની ખરી કિંમત પૈસામાં નથી, જોકે પૈસાની શક્તિ લગભગ અનહદ છે. એમ કહેવાય છે કે પૈસાનો ઉપયોગ સર્વત્ર છે. પૈસાની ખાતર યુદ્ધ અથવા શાંતિ થાય છે, પૈસાને લીધે દરિદ્ર માણસ મોજશોખ કરતો થાય છે, અને ભીખારી માન મેળવે છે. પૈસાની ખાતર સૈનિક દગાખોર થાય છે, વેપારી પોતાનું પ્રમાણિકપણું ગુમાવે છે, વિદ્વાન પોતાનું જ્ઞાન વેચે છે, અને પતિ પોતાની પ્રિયાનો આરામ, પોતાનાં બાળકોનો પ્રેમ અને પોતાનાં કુટુંબનું સુખ ગુમાવે છે. કોઈપણ મનુષ્યની ખરી કિંમત તેની પાસે શું છે તેમાં નથી, પણ તે કેવો છે તેમાં છે. મૃત્યુ પછી પણ ટકી રહેનાર જે સદ્દગુણ એજ મનુષ્યની ખરી કિંમત આંકે છે. મનુષ્યનો ખરો ભપકો અને અહંકાર, મનની સત્તા અને કીર્ત્તિ એ તો ચાલ્યાં જવાનાં, માત્ર ચારિત્રજ રહેવાનું; તે ચારિત્ર અવિનાશી છે. મનુષ્ય સ્વમાન જાળવે, સદ્દગુણી આચરણ કરે, સત્યનું પાલન કરે અને સહ્રદય આચરણ કરે તેજ તેની કિંમત છે. મનુષ્યના ચારિત્રમાં પ્રભુ પ્રત્યે પૂજ્યભાવ, સ્વમાન, ગમે તે ભોગે સત્યનું આચરણ અને આદર્શ પ્રત્યે વફાદારી એજ ઉમદા સદ્દગુણો છે. જે મનુષ્ય બીકણ થઈને પોતાનું જીવન સ્વમાનને કલંક લગાડીને બચાવે અને નૈતિક છુટછાટ મૂકે તે જીવતો નથી, પણ મરેલો છે. ચાલાકી, છેતરવામાં કુશળતા, સારી વિદ્વતા, ચપળતા એ સર્વ ચારિત્રનાં ખરાં અંગ નથી, ચારિત્રનું ખરૂં અંગ તો સિદ્ધાંતમાં જરા પણ છુટછાટ નહિ મૂકતાં, નીતિને વળગી રહી, સર્વને અનુકૂળ બનવાનું છે. જે કાંઇ ખરાબ છે તેને ન્યાયપુરઃસર ગણાવવા માટે કોઈપણ પ્રકારનો સંયોગ અથવા કોઈપણ પ્રકારનો ભય પૂરતો નથી. સાચું એ હમેશાં સાચું અને ખોટું એ હમેશાં ખોટું છે. સાચું કદિ ખોટું થઈ શકે નહિ અને ખોટું એ કદિ સાચું થઈ શકે નહિ. ગમે તે ભોગે પણ આપણે સત્યપરાયણ રહેવું જોઈએ. ગમે તે ભોગે આપણે આપણી ફરજ પ્રત્યે વફાદાર રહેવું જોઈએ. કલંકિત આબરૂ કરતાં મરણ વધારે પસંદ કરવા જેવું છે. આવાજ મનુષ્યો કોઈપણ જમાનામાં ખરેખરા વીર છે. પોતે જેને સત્ય માને તેને દરેક મનુષ્યે અડગ હિંમતથી વળગી રહેવું જોઈએ. પોતાના સિદ્ધાંતને દગો દેવો જોઈએ નહિ. પ્રભુનો ભય એ જ્ઞાનનો આરંભ છે, પણ અંતઃકરણને માન આપી, સ્વમાન જાળવી, પોતાનાં સિદ્ધાંતને અડગ હિંમતથી વળગી રહીએ એજ બાબત આપણું ચારિત્ર પુરવાર કરે છે.

" યંગ સીટીઝન " માંથી.

For Private And Personal Use Only